

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 17
Issue : 319
Dt.: 29-07-2025, Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ઓપરેશન સિંદૂર પર ચર્ચામાં બોલ્યા રાજનાથ સિંહ

# પાકિસ્તાન અવળચંડાઈ કરશે તો ફરી ઓપરેશન સિંદૂર કરીશું

### ૯ આતંકવાદી ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યા હતાઃ લશ્કરી કાર્યવાહીમાં સોથી વધુ આતંકવાદીઓ, તેમના ટ્રેનર્સ, હેન્ડલર્સ અને સહયોગીઓ માર્યા ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજે સોમવારે સંસદમાં ઓપરેશન સિંદૂર પર ચર્ચાની શરૂઆત થઈ હતી. આ દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે, ઓપરેશન સિંદૂર પરની ચર્ચાનો પ્રારંભ કરાવતા કહ્યું કે, ભારતીય વાયુસેનાના જબરદસ્ત હુમલાઓ, નિયંત્રણ રેખા પર સેનાનો જોરદાર જવાબી કાર્યવાહી અને નૌકાદળના હુમલાના ડરથી પાકિસ્તાનને નમવા માટે મજબૂર કરવામાં આવ્યું. પાકિસ્તાનનો આ પરાજય તેમની સામાન્ય નિષ્ફળતા નહોતી, પરંતુ તે તેના લશ્કરી બળ અને મનોબળ બંનેનો ભારત સામે પરાજય હતો. સંસદના ચોમાસા સત્રમાં, આજે સોમવારે લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ખાસ ચર્ચા થઈ રહી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સંસદમાં ઓપરેશન સિંદૂર વિશે વાત કરતા કહ્યું કે, પાકિસ્તાને ભારતના હુમલાના ડરથી આજીજી કરી હતી. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, ૬ અને ૭ મે ૨૦૨૫ ના રોજ, ભારતીય દળોએ ઓપરેશન સિંદૂર નામે ઐતિહાસિક લશ્કરી કાર્યવાહી કરી. તે માત્ર લશ્કરી કાર્યવાહી નહોતી, પરંતુ તે ભારતના સાર્વભૌમત્વ, તેની ઓળખ, દેશના નાગરિકો પ્રત્યેની આપણી જવાબદારી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર પર ફક્ત વિરામ લીધો છે. જો પાકિસ્તાન અવળચંડાઈ કરશે તો ઓપરેશન ફરી શરૂ કરીશું.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર હાથ ધરતા પહેલા, અમારા દળોએ દરેક પાસાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. અમારી પાસે ઘણા વિકલ્પો હતા, પરંતુ અમે એવો વિકલ્પ પસંદ કર્યો જેમાં આતંકવાદીઓ અને તેમના ઠેકાણાઓને વધુમાં વધુ નુકસાન થાય અને તેમાં પાકિસ્તાનના સામાન્ય નાગરિકોને કોઈ પણ પ્રકારનું નુકસાન ના થાય. રાજનાથ સિંહે કહ્યું કે, સૌ પ્રથમ, આ ગૃહ દ્વારા, હું દેશના તે બહાદુર સપૂતોને, તે બહાદુર સૈનિકોને સલામ કરું છું, જેઓ આ રાષ્ટ્રની સરહદોનું રક્ષણ કરવા માટે હંમેશા તૈયાર રહે છે. ઉપરાંત, હું તે સૈનિકોની સ્મૃતિને સલામ કરું છું જેમણે ભારતની એકતા અને અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું.

આપણા દળો દ્વારા કરવામાં આવેલા સંકલિત હુમલાઓમાં, ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. એક અંદાજ મુજબ, આ લશ્કરી કાર્યવાહીમાં સોથી વધુ આતંકવાદીઓ, તેમના ટ્રેનર્સ, હેન્ડલર્સ અને સહયોગીઓ માર્યા ગયા છે. તેમાંથી મોટાભાગના જૈશ-એ-મોહમ્મદ, લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદીન જેવા આતંકવાદી સંગઠનોના હતા. આ એ જ આતંકવાદી સંગઠનો છે જેમને પાકિસ્તાનની સેના અને ISIનો ખુલ્લેઆમ ટેકો છે. માર્યા ગયેલા આતંકીઓના જનાજામાં પાકિસ્તાન આર્મી અને સરકારી પ્રતિનિધિઓ પણ જોડાયા હતા.

સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે, અમારી કાર્યવાહી સંપૂર્ણપણે સ્વ-બચાવમાં હતી, તે ઉશ્કેરણીજનક નહોતી. તેમ છતાં, ૧૦ મે, ૨૦૨૫ ના રોજ, લગભગ ૧:૩૦ વાગ્યે, પાકિસ્તાને ભારત પર મોટા પાયે મિસાઈલ, ડ્રોન, રોકેટ અને અન્ય લાંબા અંતરના શસ્ત્રોનો ઉપયોગ કર્યો. સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે, મને એ કહેતા ગર્વ થાય છે કે આપણી હવાઈ સંરક્ષણ પ્રણાલી, કાઉન્ટર ડ્રોન સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ પાકિસ્તાનના આ હુમલાને સંપૂર્ણપણે નિષ્ફળ બનાવ્યો.

પાકિસ્તાન આપણા કોઈપણ લક્ષ્યને નિશાન બનાવી શક્યું નહીં. આપણી સુરક્ષા વ્યવસ્થા કડક હતી અને દરેક હુમલો અટકાવી દેવામાં આવ્યો હતો. આ માટે, હું ભારતીય સેનાના બહાદુર સૈનિકોની પ્રશંસા કરું છું, જેમણે દુશ્મનની દરેક યોજનાને નિષ્ફળ બનાવી દીધી.

તેમણે વધુમાં કહ્યું કે, પાકિસ્તાન દ્વારા આ હુમલાના જવાબમાં આપણી કાર્યવાહી હિંમતવાન, મજબૂત અને અસરકારક હતી. ભારતીય વાયુસેનાએ પશ્ચિમી મોરચા પર પાકિસ્તાનના એરપોર્ટ, કમાન્ડ અને નિયંત્રણ કેન્દ્રો, લશ્કરી માળખાગત સુવિધાઓ અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓને નિશાન બનાવી. અમારા દળોએ સફળતાપૂર્વક આ મિશન પૂર્ણ કર્યું.

રાજનાથ સિંહે વધુમાં કહ્યું, ઓપરેશન સિંદૂર ટ્રાઈ સર્વિસ કોઓર્ડિનેશનનું એક મહાન ઉદાહરણ બન્યું. જ્યારે ભારતીય વાયુસેનાએ આકાશમાંથી હુમલો કર્યો, ત્યારે આપણી સેનાએ જમીન પર મોરચો સંભાળ્યો. આપણા સૈનિકો સંપૂર્ણ તાકાત સાથે નિયંત્રણ રેખા પર અડગ રહ્યા અને પાકિસ્તાનની દરેક કાર્યવાહીનો યોગ્ય જવાબ આપ્યો. તેમણે વધુમાં કહ્યું કે, આ ઓપરેશનનો હેતુ આતંકવાદી છાવણીઓ અને તેમના સમર્થકોને નિશાન બનાવવાનો, તેમને નષ્ટ કરવાનો અને સ્પષ્ટ સંદેશ આપવાનો હતો કે ભારત આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા ધરાવે છે.

રક્ષા મંત્રીએ ભારતે કાર્યવાહી કેમ બંધ કરી તે પ્રશ્નનો પણ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે, ભારતે કાર્યવાહી કેમ બંધ કરી દીધી કારણ કે અમે સંઘર્ષ પહેલા અને દરમિયાન નિર્ધારિત તમામ રાજકીય અને લશ્કરી ઉદ્દેશ્યોને સંપૂર્ણપણે પ્રાપ્ત કરી લીધા હતા. તેથી, એવું કહેવું કે માનવું કે આ કામગીરી કોઈપણ દબાણ હેઠળ બંધ કરવામાં આવી હતી તે પાયાવિહોણું અને સંપૂર્ણપણે ખોટું છે.

તેમણે વધુમાં કહ્યું કે, ઓપરેશન સિંદૂર તે નિર્દોષ પરિવારોને ન્યાય આપવા માટે શરૂ કરવામાં આવ્યું હતું જેમણે પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદી હુમલાઓમાં પોતાના પ્રિયજનો ગુમાવ્યા હતા. આપણા દળોએ ફક્ત તે લોકોને જ નિશાન બનાવ્યા જેઓ આ આતંકવાદીઓને ટેકો આપીને ભારત પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં સતત સામેલ હતા. ઓપરેશન સિંદૂરનો હેતુ આતંકવાદના રૂપમાં પ્રોક્સી યુદ્ધ લડી રહેલા પાકિસ્તાનને સજા આપવાનો હતો. આ કારણોસર, સેનાને તેના લક્ષ્યો પસંદ કરવા અને યોગ્ય જવાબ આપવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી.

રાજનાથ સિંહે કહ્યું, ઓપરેશન સિંદૂર કેમ શરૂ કરવામાં આવ્યું તેની માહિતી અગાઉ આપવામાં આવી હતી અને મેં આજે પણ ગૃહને આપી છે. વિપક્ષના કેટલાક લોકો પૂછી રહ્યા છે કે આપણા કેટલા વિમાનો તોડી પાડવામાં આવ્યા? મને લાગે છે કે તેમનો આ પ્રશ્ન આપણી રાષ્ટ્રીય જનતાની લાગણીઓને યોગ્ય રીતે રજૂ કરી શકતો નથી. તેમણે અમને એક વાર પણ પૂછ્યું નહીં કે આપણા દળો દ્વારા કેટલા દુશ્મન વિમાનો તોડી પાડવામાં આવ્યા? જો તેમને કોઈ પ્રશ્ન પૂછવો હોય, તો તેમનો પ્રશ્ન એ હોવો જોઈએ કે શું ભારતે આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો, જેનો જવાબ હા છે.



રક્ષા મંત્રીએ કહ્યું કે, ૬ અને ૭ મે ૨૦૨૫ના રોજ ભારતીય દળોએ ઓપરેશન સિંદૂર નામથી એક ઐતિહાસિક લશ્કરી કાર્યવાહી અંજામ આપ્યો. તે માત્ર લશ્કરી કાર્યવાહી નહોતી, પરંતુ તે ભારતની સંપ્રભુતા, તેની અસ્મિતા, દેશના નાગરિકો પ્રત્યેની આપણી જવાબદારી અને આતંકવાદ સામેની આપણી નીતિનું એક અસરકારક અને નિર્ણાયક પ્રદર્શન હતું.

હા, ઓપરેશન સિંદૂર પર બોલતા રાજનાથ સિંહે કહ્યું કે, જ્યારે અમે ૧૯૭૧ના યુદ્ધમાં પાકિસ્તાનને પાઠ ભણાવ્યો હતો, હું તે સમયની સરકારને અભિનંદન આપું છું. અમે ત્યારે અમારા રાજકીય અને લશ્કરી નેતૃત્વની પ્રશંસા કરી હતી. અમે એ નથી જોયું કે તે કયા પક્ષની સરકાર હતી અથવા કઈ વિચારધારા હતી.

અમારા નેતા અટલ બિહારી વાજપેયીએ સંસદમાં તે સમયના નેતૃત્વની પ્રશંસા કરી હતી... અમે પૂછ્યું ન હતું કે, તેમને (પાકિસ્તાનને) પાઠ ભણાવતી વખતે કેટલા ભારતીય વિમાન ક્રેશ થયા, કેટલા સાધનોનો નાશ થયો, અમે તે સમયે પણ આ પ્રશ્ન પૂછ્યો ન હતો. આ કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો પર મજાક હતી જેઓ અનેક પ્રકારના પ્રશ્નો પૂછી રહ્યા છે.

### મલેશિયામાં હાઈ-લેવલ બેઠક બાદ જાહેરાત

# ૪ દિવસના યુદ્ધ બાદ થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સમાધાન

### મલેશિયા દ્વારા મધ્યસ્થી બાદ સીઝફાયર માટે સહમત

(સંપૂર્ણ સમાચાર સેવા)થાઈલેન્ડ

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા યુદ્ધ બાદ અંતે તત્કાલ અને શરત વિના સીઝફાયર થયુ છે. મલેશિયન વડાપ્રધાન અનવર ઈબ્રાહિમે જાહેરાત કરી હતી કે, થાઈલેન્ડ અને કંબોડિયા અનેક દિવસોથી ચાલી રહેલા સરહદ સંઘર્ષનો અંત લાવવા તાત્કાલિક અને શરતો વિના યુદ્ધવિરામ પર સહમત થયા છે. મલેશિયા દ્વારા મધ્યસ્થી બાદ થાઈલેન્ડ અને કંબોડિયા સીઝફાયર માટે સહમત થયા છે. બંને દેશો વચ્ચે શાંતિ મંત્રણા કરાવવા માટે અમેરિકાની એક ટીમ પણ મલેશિયા પહોંચી હતી. કંબોડિયન વડાપ્રધાન હુન માનેટ અને થાઈલેન્ડના કાર્યકારી વડાપ્રધાન ફુમથમ વેચાયાચાઈએ મલેશિયાના પુત્રાજયામાં ઈબ્રાહિમના નિવાસ સ્થાને યોજાયેલી શાંતિ મંત્રણામાં ભાગ લીધો હતો. જેમાં ચીન અને અમેરિકાના રાજદૂત પણ ઉપસ્થિત રહ્યા હતા.બંને દેશો વચ્ચે ૨૪ જુલાઈના રોજથી તણાવ વધ્યો હતો. ૨૪ જુલાઈના રોજ થાઈલેન્ડે કંબોડિયાના અનેક ઠેકાણે એફ-૧૬ ફાઈટર પ્લેનની મદદથી બોમ્બ ફેંક્યા હતાં. મે મહિનાના અંતમાં થયેલી સરહદી અથડામણમાં એક કંબોડિયન સૈનિકની હત્યા બાદ થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે તણાવ વધ્યો છે. દાયકાઓથી ચાલી રહેલા વિવાદ વચ્ચે ગુરુવારે (૨૪ જુલાઈ, ૨૦૨૫) બંને દેશો વચ્ચે ફરી યુદ્ધ શરૂ થયુ હતું. અને માત્ર ચાર દિવસમાં, દક્ષિણ-પૂર્વ એશિયાઈ પડોશી દેશો વચ્ચે એક દાયકા જૂનો વિવાદ ફરી પાછો ઉગ્ર બન્યો હતો.

કંબોડિયા અને થાઈલેન્ડ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અત્યારસુધી ૩૦થી વધુના મોત થયા છે. જેમાં થાઈલેન્ડમાં ૧૩ અને કંબોડિયામાં આઠ નાગરિકોનો સમાવેશ છે. અધિકારીઓ જણાવ્યું હતું કે, સરહદી વિસ્તારોમાંથી ૨૦૦,૦૦૦થી વધુ લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. ટ્રમ્પે ગઈકાલે નિવેદન આપ્યું હતું કે, મારૂ માનવું છે કે થાઈલેન્ડ અને કંબોડિયા બંને પોતાના મતભેદો ઉકેલવા માગે છે કારણ કે અમે બંને દેશોના નેતાને ચીમકી આપી છે કે, જ્યાં સુધી બંને દેશો આ યુદ્ધ સમાપ્ત નહીં કરે ત્યાં સુધી અમે તેમની સાથે વેપાર સોદા કરીશું નહીં.

### મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાષા આંદોલનની શરુઆત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે(૨૮ જુલાઈ) ભાષા આંદોલનની શરુઆત કરી દીધી છે. તેમણે રાજ્યના બોલપુરથી આ આંદોલનની શરુઆત કરી અને કહ્યું કે, અમે પોતાની માતૃભાષાને ક્યારેય ભૂલી નહીં શકીએ.મુખ્યમંત્રી મમતા બેનર્જીએ અન્ય રાજ્યોમાં બંગાળી પ્રવાસીઓ પર કથિત હુમલાઓ વિરુદ્ધ બોલપુરમાં વિરોધ માર્ચ શરુ કરી છે. તેમણે કહ્યું કે, અમે ભાષાના આધાર પર વિરોધ નથી ઈચ્છતા, પરંતુ બાંગ્લાના નામ પર ઉત્પીડન ન કરી શકાય. આપ સૌ કંઈક ભૂલી શકો છો, પરંતુ તમારે પોતાની અસ્મિતા, માતૃભાષા, માતૃભૂમિ ન ભૂલવી જોઈએ. રાજ્યમાં આગામી વર્ષે જ રાજ્ય વિધાનસભા ચૂંટણી થવાની છે અને તે પહેલા બાંગ્લા ભાષાને લઈને વિવાદ વધી રહ્યો છે. ખાસ કરીને એનસીઆરના ગુરુગ્રામ શહેરમાં ગેરકાયદે બાંગ્લાદેશીઓ વિરુદ્ધ ચાલી રહેલા એક્શનને લઈને વિવાદ વકરી રહ્યો છે. તૃણમૂલ કોંગ્રેસનો દાવો છે કે બંગાળી ભાષીઓને વિશેષ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં બાંગ્લાદેશી ગણવામાં આવી રહ્યા છે અને તેમને જબરદસ્તી બોર્ડર પાર બાંગ્લાદેશમાં પરત મોકલવામાં આવી રહ્યા છે. બેનર્જીએ ૨૧ જુલાઈએ શહીદ દિવસ રેલી દરમિયાન ૨૮ જુલાઈએ રાજ્યવ્યાપી ભાષા આંદોલન શરુ કરવાની જાહેરાત કરી હતી.

તેમણે એમ પણ કહ્યું હતું કે, આંદોલન બોલપુર સ્થિત શાંતિનિકેતનથી શરુ થશે અને આ બંગાળી ભાષા અને લોકોની ગરિમાને જાળવી રાખવા માટે સમર્પિત એક આંદોલન હશે. પાર્ટીએ આજે બે વાગ્યે લોજ મોડથી એક રેલીની શરુઆત કરી હતી. આ રેલી શાંતિનિકેતન રોડ થઈને ચૌરાસ્તા, શ્રીનિકેતન રોડ થઈને જમુર્ડી બસ સ્ટેન્ડ પર પૂર્ણ થશે, જ્યાં મુખ્યમંત્રી જનસભાને સંબોધિત કરશે. આખા રસ્તે સાંસ્કૃતિક સમૂહ બંગાળી ભાષા અને સંસ્કૃતિ પર કથિત હુમલાના વિરોધમાં અલગ અલગ ચોક પર ગીત અને કવિતા પાઠ રજૂ કરશે.

# મધ્યપ્રદેશના સિહોરમાં ઝરણામાં ન્હાવા કૂદેલા ૫ વિદ્યાર્થીઓ ડૂબ્યાંઃ દુર્ઘટનામાં ૨ના મોત, ૩ લાપતા

(સંપૂર્ણ સમાચાર સેવા)સિહોર,

મધ્યપ્રદેશના સિહોરમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. સિહોરમાં ઝરણામાં ન્હાવા કૂદેલા ૫ વિદ્યાર્થી ડૂબી ગયા છે. સિહોરમાં પિકનિક મનાવવા ગયેલા ફેં યુનિવર્સિટીના ૫ વિદ્યાર્થીઓ ઝરણામાં નહાતી વખતે ડૂબી ગયા છે. જેમાંથી ૨ વિદ્યાર્થીઓના મોત થઈ ગયા છે અને ત્રણ વિદ્યાર્થીઓ લાપતા છે. આ દુર્ઘટનાની સૂચના મળતા જ પોલીસ અને રેસ્ક્યૂ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને લાપતા વિદ્યાર્થીઓની તલાશ કરી રહી છે. આ દુર્ઘટના દૌલતપુરના જંગલમાં આવેલા ભેરૂખો ઝરણામાં બની છે. ઝરણામાં નહાતી વખતે VIT યુનિવર્સિટીના પાંચ વિદ્યાર્થીઓ ડૂબી ગયા હતા. જેમાંથી બેના મોત થઈ ગયા છે અને ત્રણ લાપતા છે. એવી માહિતી સામે આવી છે કે સેલ્ફી લેતી વખતે એક વિદ્યાર્થીનો પગ લપસી ગયો અને તે ડૂબવા લાગ્યો. તેને બચાવવાના પ્રયાસમાં આ તમામ વિદ્યાર્થીઓ દુર્ઘટનાનો શિકાર બન્યા. બે વિદ્યાર્થીઓના મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે ત્રણ હજુ પણ લાપતા છે. આ તમામ વિદ્યાર્થીઓ આંધ્ર પ્રદેશના નિવાસી છે. પોલીસે આ મામલે જણાવ્યું કે, અંધારુ હોવાના કારણે રેસ્ક્યૂ ઓપરેશનમાં મુશ્કેલી આવી રહી છે. સવારથી રેસ્ક્યૂ ઓપરેશન તેજ કરી દેવામાં આવ્યું છે.આ દુઃખદ દુર્ઘટના પર VIT યુનિવર્સિટીના PRO અમિતે કહ્યું કે, આ દુઃખદ દુર્ઘટના છે. બંને વિદ્યાર્થીઓના મોતની જાણકારી મળી છે. બીજી તરફ ત્રણ વિદ્યાર્થીઓ હજુ પણ લાપતા છે. વિદ્યાર્થીઓના પરિવારજનોને સૂચના આપી દેવામાં આવી છે.

### ઓપરેશન સિંદૂર પછી ઓપરેશન મહાદેવ

# પહેલગામ હુમલાનો માસ્ટર માઈન્ડ હાશિમ મુસા ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ,

પહેલગામ આતંકવાદી હુમલામાં સંડોવાયેલા બે આતંકવાદીઓ માર્યા ગયા છે. સોમવારે (૨૮ જુલાઈ, ૨૦૨૫) ત્રણ આતંકવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા, જેમાંથી બે ૨૬ એપ્રિલે કાશ્મીરમાં પહેલગામ હુમલામાં સામેલ હતા. જમ્મુ કાશ્મીરમાં સેનાએ ત્રણ આતંકીઓને ઠાર કર્યા છે. આતંકીઓ પાસે મોટી માત્રામાં હથિયાર મળ્યા છે. જમ્મુ કાશ્મીરમાં સેના દ્વારા ઓપરેશન મહાદેવ ચલાવવામાં આવી રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં પહેલગામ હુમલાનો માસ્ટરમાઈન્ડ અને લશ્કર-એ-તૈયબા (LeT) ના ટોચનો કમાન્ડર હાશિમ મુસા (જે પહેલા પાકિસ્તાની સેનામાં સૈનિક હતો) ને આખરે ભારતીય સેના દ્વારા ઠાર કરવામાં આવ્યો છે. આ એકાઉન્ટર ૨૮ જુલાઈના રોજ શ્રીનગરના લિડવાસ વિસ્તારમાં થયું હતું. હવે આ એક્કાઉન્ટરની તસવીરો સામે આવી છે. હાશિમ મુસાને માત્ર પહેલગામ હુમલાનો કાવતરાખોર માનવામાં આવતો ન હતો, પરંતુ તે સોનમર્ગ ટનલ હુમલા માટે પણ જવાબદાર હતો. તેમની પાસેથી અમેરિકા સ્થિત કાર્બાઈન, AK-47, ૧૭ રાઈફલ ગ્રેનેડ અને અન્ય સામગ્રી મળી આવી છે. ભારતીય સેના માટે આ એક મોટી સફળતા છે, પહેલગામ હુમલાના તમામ આતંકવાદીઓ માર્યા ગયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુપ્ત માહિતીના આધારે, સુરક્ષા દળોએ હરવાનના મુલનાર વિસ્તારમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી શરૂ કરી હતી. જ્યારે સુરક્ષા કર્મચારીઓ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા, ત્યારે દૂરથી બે રાઉન્ડ ગોળીબારનો અવાજ સંભળાયો. તેમણે કહ્યું કે વિસ્તારમાં વધારાના દળો મોકલવામાં આવ્યા છે અને આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન વધુ તીવ્ર બનાવવામાં આવ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર, ઘેરાયેલા વિસ્તારમાં બે થી ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. લિડવાસ શ્રીનગરની બહારનો ગીચ જંગલ વિસ્તાર છે, જે ત્રાલને પહાડી માર્ગે જોડે છે. આ વિસ્તારમાં અગાઉ પણ TRFની આતંકવાદી પ્રવૃત્તિઓના અહેવાલો આવ્યા છે. આ ઓપરેશનનું નેતૃત્વ સેનાના ચિનાર કોર્પ્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેણે ત્રણ આતંકવાદીઓને માર્યા ગયાની પુષ્ટિ કરી છે. આ દરમિયાન, દાચીગામ જંગલના ઉપરના ભાગોમાં CRPF અને જમ્મુ અને કાશ્મીર પોલીસનું સંયુક્ત ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ એ જ વિસ્તાર છે જ્યાં જાન્યુઆરીમાં પણ TRFના એક ઠેકાણાને તોડી પાડવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે બે દિવસ પહેલા શંકાસ્પદ પ્રવૃત્તિઓ મળી આવી હતી.




# તંત્રી લેખ......

## મનોમંથન કરે ઈડી

દેશની ટોચની આર્થિક તપાસ એજન્સી એનફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી)ની કામગીરી સામે સતત સવાલ, શંકા અને આરોપ લાગતા રહ્યા છે. એવા સંખ્યાબંધ કિસ્સા છે જ્યાં ન્યાયતંત્રે ઈડીની કાર્યપ્રણાલીની સામે આકરી ટીકા કરી હોય. આવો તાજો કિસ્સો સર્વોચ્ચ અદાલતને છે, જ્યાં કોર્ટે ચેતવણી આપી છે કે, રાજકીય લડાઈ મતદારોની સામે લડવી જોઈએ, તેમાં ઈડી જેવી તપાસ એજન્સીને હાથો બનાવવી જોઈએ નહીં. ઈડીની સામે રાજકીય ભેદભાવ અને વિપક્ષને નિશાન બનાવવાના આરોપો સતત લાગતા રહ્યા છે. આ ઉપરાંત ઈડી તેના કેસમાં ગુનો સાબિત કરવામાં જોઈએ એવી સફળ ન હોવાના મુદ્દે પણ સવાલ ઊભા થતા રહ્યા છે. આમ તો દરેક તપાસનીશ એજન્સીની કાર્યપદ્ધતિમાં કોઈને કોઈ કચાશ હોઈ શકે પણ જે રીતે ઈડીની સામે જે રીતે સવાલ ઊભા થઈ રહ્યા છે તેનાથી તેની છબી ખરા અર્થમાં ખરડાઈ રહી છે.

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના પત્નીના જમીન ફાળવણીને લગતા એક કેસમાં સર્વોચ્ચ અદાલતે ઈડીની તપાસ સામે આપેલી ચેતવણી ભારે ચોંકાવનારી છે. આ અગાઉ મદ્રાસ વડી અદાલતે પણ એક સુનાવણીમાં એવી કડક ટીપ્પણી કરી હતીકે ઈડી કાંઈ ડ્રોન નથી કે ગુનો થવાની જાણ થતાંની સાથે હુમલો કરી દે. સાથોસાથ અદાલતે એમ પણ કહ્યંુ હતું કે, તપાસ એજન્સી કોઈ સુપર કોપ નથી કે તેને ધ્યાને આવતી દરેક બાબતની તપાસ કરે. અન્ય એક કેસમાં સર્વોચ્ચ અદાલતે કહ્યંુ હતું કે, તપાસ એજન્સી પાસે મૌલિક અધિકાર હોય તો તેણે અન્ય લોકોના અધિકાર અંગે પણ વિચારવું જોઈએ. પોતાના અસીલોને કાયદાકીય સલાહ આપતા કે તેમનો કેસ લડતા વકીલોને ઈડી સમન્સ મોકલે તે અંગે પણ સર્વોચ્ચ અદાલતને કહેવું પડયું છે કે, ઈડી તમામ મર્યાદા ઓળંગી ગઈ છે. ઈડી પાસે આર્થિક ગુનાની તપાસ કરવાની સત્તા છે, પણ વિરોધપક્ષો એવા આરોપ મુકતા રહે છે કે, રાજકીય દબાણ તળે આ એજન્સીનો દુરુપયોગ થઈ રહ્યો છે. હવે જ્યારે અદાલતી ટીકા વધી રહી છે, ત્યારે ઈડીએ મનોમંથન કરવાની ખાસ જરૂરત છે. ઈડીએ પોતાની કાર્યપદ્ધતિને પારદર્શક અને નિષ્પક્ષ બનાવવા પર સતત સતર્ક રહેવાની જરૂરત છે. આમ થાય તો જ તેની સાખ ફરી પ્રથાપિત થઈ શકે.

## વડોદરાના કેલનપુર ગામે અજગરે બતકનો શિકાર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના કેલનપુર ગામે બતકનો શિકાર કરી અજગર પાંજરામાં બેસી ગયો હોવાનો કિસ્સો બન્યો હતો. વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદ પવારને કેલનપુર પાસે આવેલા હેતમપુરા ગામથી પ્રતાપસિંહ વાઘેલાનો ફોન આવ્યો હતો કે, ગામ પાસે આંબાવાડીમાં એક અજગર બતકના પિંજરામાં આવી ગયો અને બતકને ગળી ગયો .ફોન આવતાની સાથે સંસ્થાના સેક્રેટરી યુવરાજસિંહ રાજપુત અને કાર્યકરો જીતેન્દ્ર તડવી, સુરેશ રાઠોડ, અમિત વસાવા, વિશાલ રાઠોડ અને વડોદરા વન વિભાગના અધિકારીને લઈને ત્યાં પહોંચ્યા હતા. ત્યાં આઠ ફૂટનો મોટો અજગર બતકને ગળીને રૂમમાં બેઠો હતો.

અજગરને એક કલાકની ભારે જહેમત બાદ સહી સલામત રીતે રેસ્ક્યુ કરીને વન વિભાગના ખાતે લઈ જવામાં આવ્યો હતો.

### રાજ્યના ૬૬૫ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ માટે રૂ ૭.૩૨ કરોડથી વધુ રકમનું ધિરાણ અપાશે

# સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ અનુસૂચિત જાતિના સ્વરોજગારલક્ષી તેમજ થ્રી વ્હીલર યોજનાના લાભાર્થીઓની કોમ્પ્યુટરાઈઝ ડ્રો દ્વારા પસંદગી કરી

રાજયના અનુસૂચિત જાતિના નાગરિકો પોતાનું જીવન ગરિમાપૂર્ણ જીવી નાના વ્યવસાયો થકી સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બને તે હેતુથી અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા સ્વરોજગાર લક્ષી તેમજ થ્રી વ્હીલર યોજના કાર્યરત છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે આ યોજનાના લાભાર્થીઓની ગાંધીનગર ખાતેથી કોમ્પ્યુટરાઈઝ ડ્રો દ્વારા પસંદગી કરવામાં આવી હતી. પસંદગી પામેલા લાભાર્થીઓને નજીવા દરે ધિરાણ આપવામાં આવશે. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ સમાજના તમામ વર્ગોની ખાસ કરીને અનુસૂચિત જાતિના નાગરિકોના સશક્તિકરણ અને તેમને સમાન તક આપવા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. આજે રાજયના ૬૬૫ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ માટે રૂ ૭.૩૨ કરોડથી વધુ ધિરાણ આપવા માટે પસંદગી કરાઈ છે. આ લાભાર્થીઓ યોજનાઓના માધ્યમથી નજીવા દરે સ્વરોજગારલક્ષી સાધનો ખરીદી નાના વ્યવસાયોમાં રોજગારી મેળવી આત્મનિર્ભર બનશે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આજે કુલ ૩૩૭ લાભાર્થીઓના લક્ષ્યાંક સામે ૬૬૫ લાભાર્થીઓની ઓનલાઈન ડ્રો દ્વારા સંપૂર્ણ પારદર્શિતાથી પસંદગી કરવામાં આવી છે. પસંદગી પામેલા લાભાર્થીઓ ની તબક્કાવાર ડોકયુમેન્ટ ચકાસણી કરવામાં આવશે, જેમાંથી ૩૩૭ પાત્ર લાભાર્થીઓને વિવિધ યોજનાઓ માટે નજીવા દરે ધિરાણ આપવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયાનું યુ-ટ્યુબમાં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ કોમ્પ્યુટરાઈઝ ડ્રોમાં અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક અને અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના એમ.ડી શ્રી રચિત રાજ સહિત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંયુક્ત સચિવ શ્રી એન. એચ. ગઢવી, અને અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. - ઋચા રાવલ



### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે લોગો માટેની રાષ્ટ્રીય સ્પર્ધામાં નામાંકનનો ઈ-પ્રારંભ કરાવ્યો

# ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવા અવસરે ગુજરાત @ ૭૫ ડિઝાઈનની થીમ પર આકર્ષક લોગો તૈયાર કરી ૩ લાખનું ઈનામ મેળવવાની નાગરિકોને અમૂલ્ય તક

### તા. ૨૮ જુલાઈથી ૧૪ ઓગસ્ટ દરમિયાન https://www.mygov.in/task/gujarat75-years-logo-competition/ લિંક પર લોગો ડિઝાઈન સબમિટ કરી શકાશે

ગુજરાતની સ્થાપનાના ગૌરવશાળી ૭૫ વર્ષ ૨૦૩૫માં પૂર્ણ થવાના છે. આવા ઐતિહાસિક પ્રસંગની ઉજવણી રૂપે, ગુજરાત સરકારે MyGovindia પ્લેટફોર્મ પર રાષ્ટ્રીય સ્તરે લોગો ડિઝાઈન સ્પર્ધાનું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાતના ૭૫ વર્ષની આ ભવ્ય યાત્રાના પ્રતીકરૂપે સર્જનાત્મક અને અર્થપૂર્ણ 'લોગો' મંગાવી, તેને રાજ્યના આર્થિક નેતૃત્વ, ટેક્નોલોજીકલ પ્રગતિ, સાંસ્કૃતિક પ્રભુતા અને લોકકેન્દ્રિત શાસનને ઉજાગર કરવાનો શુભ આશય આ સ્પર્ધામાં રહેલો છે.

મુખ્યમંત્રીશ્રીએ સર્જનાત્મકતાની અભિવ્યક્તિના આગવા અવસર સમાન આ લોગો ડિઝાઈન માટેની રાષ્ટ્રીય સ્પર્ધામાં નામાંકનનો Mygov.in પ્લેટફોર્મ પર પ્રારંભ કરાવ્યો હતો. દેશભરમાંથી નાગરિકો પોતે ડિઝાઈન કરેલા લોગો તા. ૨૮ જુલાઈ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન Mygov.inની https://www.mygov.in/task/gujarat75-years-logo-competition/ લિંક પર સબમીટ કરી શકશે.

આ રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામનાર લોગોને રૂપિયા ૩ લાખનો પુરસ્કાર તેમજ પ્રથમ પાંચ સ્પર્ધકોને મુખ્યમંત્રીશ્રીના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.

ગુજરાત@૭૫ વાઈબ્રન્ટ હેરીટેજ, વિઝનરી ફ્યુચરની થીમ સાથે યોજાનારી ગુજરાત@૭૫ લોગો સ્પર્ધામાં લોકોની સહભાગિતા વધારીને તથા લોકોમાંથી જ પ્રાપ્ત થયેલા લોગો થકી એક આગવી ઓળખ ઊભી કરીને ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષના ઉત્સવમાં પોતીકાપણું સુનિશ્ચિત કરવાનો ભાવ અભિપ્રેત છે.

ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, ગૌરવશાળી ઈતિહાસ અને અદભુત વારસા સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે જે વાઈબ્રન્ટ વિકાસ કર્યો છે તેની અભિવ્યક્તિ આ લોગોમાં સ્પર્ધકો ડિઝાઈન કરીને સબમીટ કરી શકશે. સ્પર્ધાના અન્ય નિયમો અને જાણકારી Mygov.in પર ઉપલબ્ધ કરવામાં આવેલા છે.

આ પહેલ ગુજરાતની સ્થાપનાના ૭૫માં વર્ષની ઉજવણીને જનભાગીદારીથી સર્વ-સમાવેશક અને સર્વવ્યાપી બનાવવાનો એક નવીન પ્રયાસ છે. એટલું જ નહિં, આ સ્પર્ધા દ્વારા નાગરિકો ગુજરાતના વારસા, પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાઈ શકશે અને વિજેતા થયેલ લોગો Gujarat@75 માટે એક આગવું ગૌરવ, આગવી ઓળખ અને વિશેષતા બની રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રીય સ્પર્ધા માટેના નામાંકનનો ઈ-પ્રારંભ કરાવ્યો તે વેળાએ મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી ડૉ.હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, સલાહકાર શ્રી એસ.એસ. રાઠૌર, અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આધાર-ઈલેક્શન કાર્ડ SIRમાં સામેલ કરવા કહ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે બિહારમાં જાહેર કરાયેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર સ્ટે મૂકવાનો ઈનકાર કરી દીધો છે. સોમવારે (૨૮મી જુલાઈ) હાથ ધરવામાં આવેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ (ECI)ને સવાલ કર્યો હતો કે, મતદાર ઓળખ માટે આધાર કાર્ડ, વોટર આઈડી અને રેશન કાર્ડ કેમ સ્વીકારવામાં આવી રહ્યા નથી. નોંધનીય છે કે, કોર્ટે ચૂંટણી પંચને આ ડોક્યુમેન્ટનો સમાવેશ કરવા અને મંગળવારે (૨૯મી જુલાઈ) સવારે ૧૦:૩૦ વાગ્યા સુધીમાં જવાબ આપવા જણાવ્યું છે.

અહેવાલો અનુસાર, સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ જોયમાલા બાગચીની બેન્ચે સુનાવણીમાં કહ્યું કે, જો ફેક ડોક્યુમેન્ટની વાત કરીએ તો પૃથ્વી પર એવો કોઈ ડોક્યુમેન્ટ નથી જેની નકલ ન કરી શકાય. તો પછી તમારા ૧૧ ડોક્યુમેન્ટનો આધાર શું છે? સુનાવણી દરમિયાન ચૂંટણી પંચના વકીલે જણાવ્યું હતું કે, અમને રેશનકાર્ડ સ્વીકારવામાં મુશ્કેલી પડી રહી છે કારણ કે મોટા પાયે નકલી રેશનકાર્ડ છે. અમે કહી રહ્યા છીએ કે આધાર નાગરિકતાનો પુરાવો નથી, પરંતુ ઓળખના પુરાવા તરીકે આધાર સબમિટ કરી શકાય છે. અમારા ફોર્મમાં કહેવામાં આવ્યું છે કે તમારો આધાર નંબર આપો.

અરજીદારોના વકીલ ગોપાલ શંકર નારાયણે ડ્રાફ્ટ મતદાર યાદીને અંતિમ સ્વરૂપ આપવા પર રોક લગાવવાની માંગ કરી હતી, પરંતુ કોર્ટે કહ્યું હતું કે, ડ્રાફ્ટ યાદી તેમના અધિકારોને અસર કરતી નથી અને જો જરૂર પડશે તો તે સમગ્ર પ્રક્રિયાને રદ કરી શકે છે.

### પીએમ જનમન હેઠળ ગુજરાતમાં પીએમ આવાસ-ગ્રામીણ યોજના અંતર્ગત ૧૨,૪૮૯ આવાસો મંજૂર કરવામાં આવ્યા

# પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ જનમન)ના અમલીકરણમાં જુલાઈ ૨૦૨૫ માટે ગુજરાત રાજ્ય ટોચના સ્થાન પર

### પીએમ જનમન હેઠળ રાજ્યમાં ખાસ નબળા આદિવાસી જૂથો (PVTG)ના ૫૨૦૦ ઘરોમાં વીજળી પહોંચાડવામાં આવી, ૩૭ મોબાઈલ ટાવર ઈન્સ્ટોલ કરવામાં આવ્યા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, પર્ટિક્યુલરલી વલ્નરેબલ ટ્રાઈબલ ગ્રુપ્સ (PVTGs) એટલે કે ખાસ નબળા આદિજાતિ જૂથોની ખૂટતી જરૂરિયાતો અને સુવિધાઓની પૂર્તિ કરીને તેમના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા અમલી કરવામાં આવેલ પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ જનમન) મિશનના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં જુલાઈ ૨૦૨૫ માટે ટોચનું રાજ્ય બન્યું છે. પીએમ જનમન યોજનાના અમલીકરણ માટે દર મહિને સ્ટેટ રેંકિંગ જાહેર કરવામાં આવે છે, જેમાં જુલાઈ મહિનામાં ગુજરાત પ્રથમ સ્થાન પર છે. આ દર્શાવે છે કે આદિજાતિના વિકાસ અને કલ્યાણ માટે રાજ્ય સરકાર મજબૂત પ્રયાસો કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, ભારતના ૧૮ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશમાં વસતા ૭૫ પર્ટિક્યુલરલી વલ્નરેબલ ટ્રાઈબલ ગ્રુપ્સ (PVTG) એટલે કે ખાસ નબળા આદિજાતિ જૂથોનો સર્વાંગી સામાજિક-આર્થિક વિકાસ સુનિશ્ચિત કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૫ નવેમ્બર, ૨૦૨૩ના રોજ 'જનજાતીય ગૌરવ દિવસ' નિમિત્તે પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ જનમન) મિશનનો પ્રારંભ કર્યો હતો. આ મિશનનો ઉદ્દેશ નિશ્ચિત સમયમર્યાદામાં ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTG)ને આરોગ્ય, શિક્ષણ, માળખાગત સુવિધાઓ, પાણી, વીજળી, આજીવિકા અને કનેક્ટિવિટી જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડીને તેમનું સામાજિક ઉત્થાન કરવાનો છે. ગુજરાતમાં આવા ૫ ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTG) વસે છે, જેમાં કાથોડી, કોટવાળિયા, પઢાર, સિદ્દી અને કોલઘા જૂથોનો સમાવેશ થાય છે. આવા જૂથોને ખૂટતી પાયાની સુવિધાઓની પૂર્તિ કરવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે.

પીએમ જનમન મિશન હેઠળ ગુજરાતે કરેલી પ્રગતિ

પીએમ જનમન મિશન હેઠળ ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTGs) ને ખૂટતી પાયાની સુવિધાઓની પૂર્તિ કરવામાં આવે છે, જેમાં આવાસ, રોડ-રસ્તાની કનેક્ટિવિટી, પાઈપ મારફતે પાણીનો સપ્લાય, આરોગ્ય અને શિક્ષણની સુવિધાઓ, નવીન આંગણવાડીઓનું નિર્માણ, વીજળીકરણ, મોબાઈલ ટાવરનું ઈન્સ્ટોલેશન, વન ધન વિકાસ કેન્દ્રો તેમજ મલ્ટીપર્પઝ સેન્ટરોની સ્થાપનાનો સમાવેશ થાય છે. આ મિશન હેઠળ આ સમુદાયના લોકોના ઘર-પરિવારોનો સર્વે કરીને કોને કઈ સુવિધાની જરૂર છે, અને ક્યાં કેટલો ગેપ રહેલો છે, તે શોધીને તે મુજબ સુવિધાઓના લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યા છે, અને તે મુજબ તેમને પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.



ગુજરાત રાજ્યમાં પીએમ જનમન હેઠળ PVTG સમુદાયો માટે દ્વારા ૧૨,૪૮૯ આવાસોના નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી છે. રોડ નેટવર્કની વાત કરીએ તો આ મિશન હેઠળ ૧૭ રોડ-રસ્તાઓની કનેક્ટિવિટી મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત, રાજ્યમાં વસતા આ સમુદાયના લગભગ ૨૮૦૩ ઘરોમાં પાઈપલાઈન મારફતે પાણીની જરૂર હતી, અને આ તમામ એટલે કે ૧૦૦% ઘરોમાં પાઈપ મારફતે પાણી પૂરું પાડવામાં આવ્યું છે. આ સમુદાયોને આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે ૨૨ મોબાઈલ મેડિકલ યુનિટ કાર્યરત કરવામાં આવ્યા છે. પીએમ જનમન મિશન હેઠળ, PVTG સમુદાયોની મહિલાઓ માટે આગામી સમયમાં ૬૭ આંગણવાડીઓ કાર્યરત કરવાનો લક્ષ્યાંક છે, જ્યારે શિક્ષણના હેતુથી ૧૩ હોસ્ટેલોના નિર્માણની મંજૂરી આપવામાં આવી છે.

આ મિશન હેઠળ, વીજળી નહોતી પહોંચતી એવા ૫૨૦૦ ઘરોમાં વીજળી પહોંચાડવામાં આવી છે, તેમજ ૩૭ મોબાઈલ ટાવર સ્થાપિત કરવામાં આવ્યા છે. વધુ ૩૪ મોબાઈલ ટાવરો સ્થાપિત કરવાનું કાર્ય પ્રગતિમાં છે. વધુમાં, વન પેદાશો પર પ્રાથમિક પ્રક્રિયા અને તેમના મૂલ્યવર્ધનમાં PVTG સમુદાયના લોકોના સક્રિય જોડાણ દ્વારા તેમની આજીવિકા અને આવકમાં વધારો કરવાના ઉદ્દેશથી આ મિશન હેઠળ ૨૧ વન ધન વિકાસ કેન્દ્રો (VDVKs) સ્થાપિત કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત, કૌશલ્ય તાલીમ, પોષણ, આરોગ્ય સેવાઓ, પુખ્ત શિક્ષણ અને સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે PVTG સમુદાય માટે ૩૯ મલ્ટીપર્પઝ સેન્ટરો સ્થાપિત કરવાની મંજૂરી આ મિશન હેઠળ આપવામાં આવી છે.

આ તમામ પાયાની સુવિધાઓ માટે ભારત સરકારના ૮ મંત્રાલયો દ્વારા સહયોગ આપવામાં આવે છે, જેમાં ગ્રામ વિકાસ મંત્રાલય, જળશક્તિ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, શિક્ષણ મંત્રાલય, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, વિદ્યુત મંત્રાલય, સંચાર મંત્રાલય અને આદિજાતિ બાબતોના મંત્રાલયનો સમાવેશ થાય છે.

પીએમ જનમન મિશન માટે ગુજરાતે હાથ ધર્યું IEC કેમ્પેઇન

ગુજરાત સરકારના વિવિધ વિભાગો દ્વારા પીએમ જનમન મિશન હેઠળ IEC કેમ્પેઇન હાથ ધરવામાં આવ્યું. આ કેમ્પેઇન દરમિયાન ૯૨૦ પીએમ જનમન સેલ્ફી પોઇન્ટ્સ બનાવવામાં આવ્યા, ૪૭૩ સ્થળોએ વૉલ પેઇન્ટિંગ કરવામાં આવ્યા, ૧૪૪૬ જેટલા હોર્ડિંગ્સ અને પોસ્ટરો લગાવવામાં આવ્યા અને ૩૨ હજારથી વધુ પેમ્ફલેટ્સ વહેંચવામાં આવ્યા. આ IEC કેમ્પેઇન હેઠળના કાર્યક્રમો દરમિયાન વિવિધ લાભાર્થી કેન્દ્રિત યોજનાઓ હેઠળ લાભાર્થીઓને લાભ પણ આપવામાં આવ્યા. જેમાં, ૨૩,૩૭૪ લાભાર્થીઓને આધાર કાર્ડ આપવામાં આવ્યા, ૧૨,૨૨૯ લાભાર્થીઓને પીએમ જન ધન ખાતા ખોલવામાં આવ્યા, ૪૬૬ લાભાર્થીઓને પીએમ માતૃવંદના યોજનાનો લાભ મળ્યો, ૨૯૯૮ લાભાર્થીઓને કાસ્ટ સર્ટિફિકેટ, ૧૪,૮૨૭ લાભાર્થીઓને રાશન કાર્ડ, ૧૦૫૧ લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડ, ૧ લાખથી વધુ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા તેમજ ૪૦૪૮ લાભાર્થીઓને પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાનો લાભ આપવામાં આવ્યો.

## વડનગર સિટી નજીક રેલવે અન્ડરપાસ નંબર ૪૧A, ૩૦ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે

અમદાવાદ મંડળના મહેસાણા-તારંગા રેલખંડ પર વડનગર સિટી નજીક સ્થિત રેલવે અન્ડરપાસ (RUB) નંબર 41A (કેસીમ્પા ખેતરોનો માર્ગ વિસ્તાર) ને વરસાદ દરમ્યાન ૩૦ સપ્ટેમ્બર સુધી સામાન્ય જનતા માટે બંધ રાખવામાં આવ્યો છે. ભારે વરસાદના કારણે આ ક્ષેત્રમાં પાણી ભરાવાની સ્થિતિને લીધે સામાન્ય નાગરિકોની સલામતી તથા રેલવે સંચાલનમાં અવરોધ ઊભો થઈ શકે છે. જનહિત અને સલામત તેમજ સુવ્યવસ્થિત રેલ સંચાલન સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યા છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# ગુજરાત સરકારે બહાર પાડયો વટ હુકમ : શ્રમિકો પાસેથી હવે ૯ ને બદલે ૧૨ કલાક કામ લેવાની સંપૂર્ણ છુટ અપાઈ: ગરીબોની મસિહા હોવાનો દાવો કરનાર ખુદ ગુજરાત સરકારે ગરીબો માટે કામનો બોજ વધાર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે રોજીંદા કામોના કલાકોના નિયમોમાં ફેરફાર કર્યો છે. જે મુજબ અઠવાડીયાના ૪૮ કલાકની મર્યાદામાં ઉદ્યોગોને શ્રમિકો પાસેથી દિવસના ૯ ને બદલે ૧૨ કલાક સુધી કામ કરાવવાની છુટ આપવામાં આવી છે. જેના પગલે કામદાર સંગઠનોએ ઉગ્ર વિરોધ નોધાવ્યો છે. કારખાના, ફેકટરી અને ઉદ્યોગોમાં ગરીબ શ્રમિકોને ૮ કલાક કામ કરવાનુ રોજનુ વેતન રૂપીયા ૪૯૭ મળે છે. ૧ કલાક ની રીશેષ સાથે ૯ કલાકની પાળીમાં હજારો કામદારો કામ કરી રહ્યા છે.

ગુજરાત સરકારે વટ હુકમ બહાર પાડીને ફેકટરી એકટમાં સુધારો કર્યો છે. હવે શ્રમિક કામદારોએ અઠવાડીયામાં એક દિવસ ૧૨ કલાક ફરજીયાત કામ કરવુ પડશે, મહિલા શ્રમિકોને લેખિતમાં સંમતિના આધારે કામ લઈ શકાશે. રાજય સરકારના આ




નિર્ણયને લઈને કામદાર સંગઠનોનો ગુસ્સો સાતમા આસમાને પહોચી ગયો છે. તેમનુ કહેવુ છે કે એવુ તો શું થયુ કે ગરીબ કામદારોના કલાકોમાં વધારો કરવાનો વટહુકમ રાતો રાત કરવો પડયો. આ અગાઉ આકરી ગરમીમાં હીટસ્ટ્રોક થી બચવા માટે શ્રમિકો માટે જરૂરી પગલા લેવા સરકારને રજુઆત કરાઈ હતી, ત્યારે આ મુદ્દે સરકારે સહેજપણ સંવેદના દાખવી ન હતી. હકીકતમાં ગરીબોની મસિહા હોવાનો દાવો કરનાર ખુદ ગુજરાત સરકારે જ ઉદ્યોગ અને કારખાના તેમજ ફેકટરી માલીકોને મજબુર શ્રમિકો અને કામદારોનુ શોષણ કરવા પીળો પરવાનો આપી દીધો છે.

ગુજરાત સરકારના આ નિર્ણયની ચારેય તરફ આકરી ટીકા થઈ રહી છે. ત્યારે કામદાર સંગઠનોએ મત વ્યકત કર્યો કે આ વટહુકમ ગરીબ શ્રમિકોના સ્વાસ્થ્ય સાથેની રમત છે. એક ધારા કામને લીધે તેમના સ્વાસ્થ્ય જોખમાશે, આ ઉપરાંત વધુ કામને કારણે રોજગારી ઘટશે, સરકારે આ નિર્ણય માત્ર મુડીપતિ ઉદ્યોગપતિઓને રાજી કરવા લીધો છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર એલચીમાં વાયદાનાં કામકાજનો આજથી ફરી પ્રારંભઃ ચાર કોન્ટ્રેક્ટ્સ થશે ઉપલબ્ધ

**સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૨૩૧ વધ્યો, ચાંદીનો વાયદો રૂ.૧૦૨ નરમઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૮૨ની તેજીઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૪૫૧.૩૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૯૬૫૬.૪૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૪૮૯.૩૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૦૫૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર સોમવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૯૧૧૦૮.૪૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૪૫૧.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૯૬૫૬.૪૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૦૫૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૭૫૮.૮૭ કરોડનું થયું હતું.

દરમિયાન, એમસીએક્સે એક પરિપત્ર મારફત જણાવ્યું છે કે, એલચીમાં વાયદાનાં કામકાજનો પ્રારંભ મંગળવાર, તા.૨૯ જુલાઈથી થશે. એલચીના ચાર કોન્ટ્રેક્ટ્સ ઉપલબ્ધ થશે, જેમાં ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫, ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ અને ૨૮ નવેમ્બર, ૨૦૨૫ની પાકતી તારીખના કોન્ટ્રેક્ટ્સનો સમાવેશ થાય છે. એલચીના વાયદાનાં કોન્ટ્રેક્ટના ધારાધોરણો જોઈએ તો, એલચીમાં સવારે ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી ટ્રેડિંગ થઈ શકશે. એલચીના વાયદામાં ટ્રેડિંગનું યુનિટ ૧૦૦ કિલો (૧ ક્વિન્ટલ) રાખવામાં આવ્યું છે, જ્યારે ક્વોટેશન/બેસ વેલ્યુ કિલોદીઠ રૂપિયાનું છે. પ્રાઈસ ક્વોટ એક્સ-વેન્દનમેડૂ, જિલ્લો ઈડુક્કી, કેરળ (તમામ કરવેરા અને લેવી સિવાય)નું રખાયું છે. ઓર્ડરનો મહત્તમ જથ્થો ૫,૦૦૦ કિ.ગ્રા. (૫૦ ક્વિન્ટલ) છે, જ્યારે ટિક સાઈઝ (લઘુત્તમ ભાવ વધઘટ) કિલોદીઠ રૂ.૧ની રખાઈ છે. પ્રારંભિક માર્જિન લઘુત્તમ ૧૦ ટકા અથવા સ્પાન આધારિત, એ બંનેમાંથી જે વધુ હશે તે રહેશે, જ્યારે એક્સ્ટ્રિમ લોસ માર્જિન લઘુત્તમ ૧ ટકાનું છે. ડિલિવરીનું લોજિક ફરજિયાત ડિલિવરીનું છે.

સોમવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૪૮૯.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૮૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૧૨૦ અને નીચામાં રૂ.૯૭૮૩૯ના સ્તરને સ્પર્શી, રૂ.૯૭૮૧૯ના આગલા બંધ સામે રૂ.૨૩૧ વધી રૂ.૯૮૦૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૫૧ વધી રૂ.૭૯૧૬૦ થયો હતો. ગોલ્ડ-પેટલ જુલાઈ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૯ વધી રૂ.૯૯૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧ વધી રૂ.૯૭૯૯૩ થયો હતો. ગોલ્ડ-ટેન જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૪૦૦ અને નીચામાં રૂ.૯૮૦૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૭૮૭૦ના આગલા બંધ સામે રૂ.૪૪૧ વધી રૂ.૯૮૩૧૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૩૧૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૩૪૧૭ અને નીચામાં રૂ.૧૧૨૮૫૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૩૦૫૨ના આગલા બંધ સામે રૂ.૧૦૨ ઘટી રૂ.૧૧૨૯૫૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૫૮ ઘટી રૂ.૧૧૨૭૧૦ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૯૭ ઘટી રૂ.૧૧૨૭૪૦ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૫૨૪.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૮૨ અને નીચામાં રૂ.૪૪૭૧ના સ્તરને સ્પર્શી, રૂ.૩ વધી રૂ.૪૪૮૦ થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૬૭૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૩૦ અને નીચામાં રૂ.૫૬૫૭ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૪૮ના આગલા બંધ સામે રૂ.૮૨ વધી રૂ.૫૭૩૦ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૭૬ વધી રૂ.૫૭૨૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૨૬૭ થયો હતો. નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો રૂ.૧.૧ ઘટી રૂ.૨૬૭ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૮૮૭ના ભાવે ખૂલી, રૂ.૧૯.૬ વધી રૂ.૯૦૩ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૬૧૧૨.૧૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૩૭૭.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૬૯૪.૯૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૮.૭૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૩૯.૨૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૪૬.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૩.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૩૩૩.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૮૮.૬૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૬.૩૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૧૪૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૨૬૯૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૨૮૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૫૮૭૫૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૪૬૬૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૭૬૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૪૨૩૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૭૩૨૩૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૮૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨૧૮૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૨૮૫૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૧૪૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૧૪૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૦૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૩ પોઈન્ટ ઘટી ૨૩૦૫૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૯.૬ વધી રૂ.૧૮૮.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા ઘટી રૂ.૮.૪ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૨ વધી રૂ.૧૧૧૪.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૯.૫ ઘટી રૂ.૮૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૬ પૈસા વધી રૂ.૧૪ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૧ પૈસા ઘટી રૂ.૪.૯૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૦.૬ ઘટી રૂ.૧૫૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૧૫.૯૫ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૯૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪ ઘટી રૂ.૭૨૭.૫ થયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૫ ઘટી રૂ.૧૩૬.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૬ પૈસા ઘટી રૂ.૩.૯૫ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૫.૯૮ થયો હતો.

## ડીસામાં ભારે વરસાદથી તારાજી, અનેક ગામો પાણીમાં ગરકાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ ફરી એકવાર ધડબડાટી બોલાવી છે. બનાસકાંઠા જિલ્લાના ડીસા પંથકમાં અનરાધાર વરસાદને કારણે અનેક ગામો જળબંબાકાર બન્યા છે. ડીસા શહેરમાં પણ ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારોની સ્થિતિ વધુ દયનીય બની છે. મળતી જાણકારી અનુસાર, ડીસા તાલુકાના દામા, શેરપુરા અને કંસારી જેવા ગામોમાં વરસાદી પાણી ફરી વળ્યા છે. આ ઉપરાંત બાઈવાડા અને યાવરપુરા સહિતના અન્ય ગામોમાં પણ પાણી ભરાયા હોવાના અહેવાલો છે. ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જતાં ખેડૂતોની હાલત કફોડી બની છે. ઉભા પાક પાણીમાં ગરકાવ થઈ જતાં પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. જેના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. મોંઘા બિયારણ અને ખતરનો ખર્ચ કર્યા પછી પાક ગુમાવવાનો વારો આવે તો આર્થિક રીતે મોટી નુકસાની વેઠવી પડે તેમ છે.

ડીસા તાલુકાના રામપુરા ગમે તો પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. અહીં લોકોના ઘરોમાં વરસાદી પાણી ઘૂસી ગયા છે.

અચાનક ઘરોમાં પાણી આવતાં ઘરવખરીનો સામાન, અનાજ અને અન્ય કીમતી વસ્તુઓ પલળી ગઈ છે. રામપુરાના સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક પરિવારોને સુરક્ષિત સ્થળોએ ખસવાની ફરજ પડી છે જ્યારે અનેક લોકો પોતાના ઘરમાં ફસાયેલા છે. વરસાદનું જોર ઘટ્યા બાદ જ પાણીનો નિકાલ થઈ શકશે અને નુકસાનનો સાચો અંદાજ લગાવી શકાશે.

## ગુજરાતમાં કોંગ્રેસે વિધાનસભાની ચુંટણીઓ જીતવા બે સેનાપતિઓને જવાબદારી સોંપી : જેમાં સચિન રાવ અને સુનિલ કાનુ ગોલુ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસ દરમિયાન એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ પોતાના બે સેનાપતિઓને ગુજરાતમાં કોંગ્રેસને જીતાડવાની જવાબદારી સોંપી છે. આ બંને નેતાઓ ગુજરાતની રણનીતી ઘડશે, જેઓ ગુજરાત માટે કોંગ્રેસના નવા રણનીતીકાર બનશે. આણંદની બેઠકમાં લગભગ નિર્ણય લેવાઈ ચુકયો છે. હવે ટુંક સમયમાં તેનો અમલ થઈ જશે.




રાષ્ટ્રીય સ્તરે રાહુલ ગાંધીએ ચાર્જ સંભાળ્યા બાદ તેમણે પોતાની ટીમમાં કુશળ રણનીતીકારોને સામેલ કર્યા છે. જેના કારણે કોંગ્રેસમાં અનેક મોટા બદલાવ આવ્યા છે. રાહુલ ગાંધીએ આણંદમાં નેતાઓ સાથે કરેલી બેઠકમાં આ નિર્ણય લીધો છે. આ બંને રણનીતી કારના નામ પણ બહાર આવ્યા છે. સુનીલ કાનુ ગોલુ ૪૦ વર્ષીય રણનીતીકાર છે. જેમની રણનીતીએ કોંગ્રેસને તેલંગણામાં કેસીઆર ને હાંકી કાઢવામાં મદદ કરી હતી. તેમની રણનીતીએ તેલંગાણામાં કોંગ્રેસની લાજ બચાવી હતી. ચુંટણી રણનીતીકાર સુનીલ કાનુ ગોલુ કોંગ્રેસ માટે મીડલ ટચ ધરાવતા વ્યકિત સાબિત થયા છે. તેલંગાણામાં કોંગ્રેસની જીતનુ આયોજન કર્યા ના થોડા મહિના બાદ કર્ણાટકમાં તેઓ આ ભવ્ય જુની પાર્ટીના સત્તામાં પાછા ફેરવાના શિલ્પી હતા, કર્ણાટકમાં કોંગ્રેસની જીતનો શ્રેય કાનુ ગોલુને આપવામાં આવ્યો હતો અને સિધ્ધારમૈયા સરકારે તેમને કેબિનેટ પદ આપ્યુ હતું. સુનીલ કાનુ ગોલુએ તેલંગાણા પ્રદેશ કોંગ્રેસ સમિતિના વડા એ રેવંત રેડ્ડી સાથે મળીને કે ચંદ્રેશખર રાવની આગેવાની હેઠળની બીઆરએસ સરકારને સત્તા પરથી ઉથલાવી દીધી હતી.

કર્ણાટક અને તેલંગાણામાં કોંગ્રેસની સફળતા પાર્ટી દ્વારા કાનુ ગોલુને આપવામાં આવેલી છુટ અને તેમની ટીમને સ્વતંત્ર રીતે કામ કરવાની મંજુરી આપવાનુ પરીણામ હતું. કાનુ ગોલુ જે પોતે કર્ણાટકના છે અને લગભગ ૪૦ વરસના છે. તેમણે કર્ણાટકમાં ભાજપ વિરૂધ્ધ પીઈસીએમ અભિયાન સાથે કોંગ્રેસની રણનીતી પાછળનુ મગજ માનવામાં આવે છે. રસપ્રદ વાત એ છે કે સુનીલ કાનુ ગોલુએ ભાજપ સાથે પણ કામ કર્યુ છે. સુનીલ કાનુ ગોલુ ભાજપ માટે રણનીતીકાર પણ રહ્યા છે. ૨૦૧૮ માં તેમણે કર્ણાટકમાં ભાજપ સાથે કામ કર્યુ અને પાર્ટી ૧૦૪ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી બનવામાં સફળ રહી હતી. તેમણે ૨૦૧૪ માં નરેન્દ્ર મોદીના પ્રચાર તેમજ ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં પાર્ટીના રાજકીય પ્રચાર પર પણ કામ કર્યુ છે.

સચિન રાવ રાહુલ ગાંધીની ટીમના એક મહત્વપૂર્ણ સભ્યોમાંના એક છે.તેમજ કોંગ્રેસના પ્રશિક્ષણ વડા છે. જે કોંગ્રેસના કાર્યકરોને પ્રશિક્ષિત કરવાની જવાબદારી સંભાળે છે. સચિન રાવ મીશીગન બિઝનેશ સ્કુલમાંથી કોર્પોરેટ સ્ટ્રેટેજી અને ઈન્ટરનેશનલ બિઝનેશમાં એમબીએ ગ્રેજયુએટ છે. સચિન રાવે પર્સનલ ટ્રેનીંગ અને આઈએનસી મેસેજીંગનો હવાલો સંભાળ્યો છે. તેમણે અગાઉ ભારતીય યુવા કોંગ્રેસ અને રાષ્ટ્રીય વિદ્યાર્થી સંઘ ભારતના સંચાલનનું પણ સંચાલન સંભાળ્યુ છે. ૨૦૦૭ માં જયારે રાહુલ ગાંધીએ એઆઈસીસી મહાસચિવ તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યારે તેમણે આઈવાયસી અને એનએસયુઆઈ ને પુનઃજીવત કરવા માટે રાવ સાથે કામ કર્યુ હતું. ત્યારબાદ પાર્ટીમાં નવા મહાસચિવનુ આ પ્રથમ કાર્ય માનવામાં આવતુ હતું. સુત્રો કહે છે કે રાહુલના કાર્યકાળ દરમિયાન ૨૦૦૭ થી ૨૦૦૯ દરમિયાન પહેલીવાર બંને સંસ્થાઓ માટે આંતરીક ચુંટણીઓ યોજવાનો રાવનો વિચાર હતો, રાવ કોંગ્રેસ કાર્યકારી સમિતિ (કોંગ્રેસ વર્કિંગ કમિટી) ના સભ્ય પણ છે. જે પાર્ટીની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે. રાહુલ દ્વારા પાર્ટી કાર્યકરોને તાલીમ આપવા અને આંતરીક વ્યવસ્થાઓમાં સુધારા લાવવા માટે પસંદ કરાયેલા નેતાઓમાંના એક છે. પેગાસસ દ્વારા સચિન રાવની જાસુસી થયાનુ પણ બહાર આવ્યુ હતું.

## સાબરકાંઠા જિલ્લાની ઈડર તાલુકા પંચાયતનું ૪ ઓગસ્ટે થનારૂ ખાતમુહુર્ત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતેની તાલુકા પંચાયત હાલમાં ટ્રાફીકની સમસ્યાઓને લઈ પ્રજાને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારે વિકાસમાં ઔર વધારો કરી જિલ્લાની ઈડર તાલુકા પંચાયત ના નવનિર્માણ માટે લીલીઝંડી આપી છે.

આ અંગે તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ઈડર તાલુકા પંચાયત હવે નવી બિલ્ડીંગમાં સ્થળાંતર કરવા માટે સરકારે તૈયારીઓ બતાવી છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે આગામી તા. ૪ ઓગસ્ટને સવારે ૯ કલાકે ઈડરના દામોદર કોમ્પલેક્ષ નજીક નવી તાલુકા પંચાયત નુ ખાતમુહુર્ત ધારાસભ્ય રમણલાલ વોરાના હસ્તે થનાર છે આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા ભાજપ પ્રમુખ, સહિત મહાનુભાવોના હસ્તે ખાતમુહુર્ત થનાર છે. આ અંગે નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ મકાને વિભાગે જણાવ્યુ હતુ કે નવી તાલુકા પંચાયત અદ્યતન સુવિધાઓથી સભર તેમજ મુલાકાતીઓ માટે પાર્કિંગની સગવડ સાથે ટ્રાફીકની કોઈ સમસ્યા ભવિષ્યમાં ઉભી ન થાય તેનુ પણ આગવુ આયોજન કરેલ છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે આ તાલુકા પંચાયત રૂપીયા ૩ કરોડની આસપાસનો ખર્ચ થવાનો અંદાજ આંકવામાં આવ્યો છે.




એક રાહદારીને ઈજા : રસ્તો બંધ કર્યો

## વડોદરાના રાવપુરા GPO પાસે તોતિંગ વૃક્ષ ધરાશાયી થતાં લારી, વાહનો દબાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના રાવપુરા વિસ્તારમાં અવરજવર દરમિયાન એક વૃક્ષ ધરાશાયી થતાં મોટી દુર્ઘટના થતા રહી ગઈ હતી. બનાવને પગલે એક સાયકલ સવારને ઈજા થઈ છે. વડોદરામાં ગઈકાલે રાતથી સતત વરસાદ વરસી રહ્યો છે ત્યારે આજે સવારે રાવપુરા મુખ્ય પોસ્ટ ઓફિસની સામે તોતિંગ વૃક્ષ તૂટી પડતાં અફરાતફરી સર્જાઇ હતી. વૃક્ષ પડે તે પહેલા ઈલેક્ટ્રીકના તારમાં સ્પાર્ક થતા ચાની લારી ધરાવતા સુનિલભાઈ તેમજ અન્ય ગ્રાહકો સમય સૂચકતા વાપરી ભાગી ગયા હતા. ત્યાર પછી ગણતરીની સેકન્ડમાં જ વૃક્ષ બે લારી તેમજ બરોડા ડેરીના પાર્લર ઉપર તૂટી પડ્યું હતું. જેને કારણે નીચે પાર્ક કાર, રીક્ષા, સ્કૂટર અને સાયકલને ઓછુંવત્તું નુકસાન થયું હતું. આ વખતે સાયકલ પર પસાર થઈ રહેલા એક રાહદારીને પીઠના ભાગે ઈજા થઈ હતી. આમ વૃક્ષ તુટતા પહેલા થોડી સેકન્ડો મળી જતા અનેક લોકોનો બચાવ થયો હતો.

## વાઘોડિયામાં પોલીસે બુટલેગરની કારનો પીછો કરી કારને ઝડપી પાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)વાઘોડિયા

આજે વહેલી સવારે અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે ઉપર પોલીસ અને બુટલેગર વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. વાઘોડિયા બ્રિજ પાસે બુટલેગરે કાર ન રોકી દોડાવી નાસી છૂટવાનો પ્રયાસ કરતા પોલીસે છેક વોરા ગામડી સુધી પીછો કરી આખરે કારને ઝડપી પાડી હતી.

જોકે ,વરસાદ અને અંધારાનો લાભ ઉઠાવી બુટલેગર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે કારમાંથી રૂ. ૧.૭૩ લાખ ઉપરાંતની કિંમતનો દારૂ- બિયરના જથ્થા સહિત કુલ રૂ. ૭.૭૮ લાખ ઉપરાંતની મત્તા કબ્જે કરી ફરાર બુટલેગરની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, એલસીબીઝોન ૩ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, "જગદીશ ઉર્ફે જગો કનુભાઈ ઠાકરડા (રહે - ભાલીયાપુરા ગામ ,વડોદરા) કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી આજવા તરફથી આવી વાઘોડિયા બ્રિજ થઈ તરસાલી તરફ જવાનો છે". જેથી પોલીસે વાઘોડિયા બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. અને બાતમી મુજબની કાર પસાર થતાં પોલીસે તેને રોકવાનો પ્રયાસ કરતા તે કાર ચાલકે કાર ન રોકી પૂરઝડપે હંકારી નાસી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પોલીસે વાઘોડિયા બ્રિજથી તરસાલી બ્રિજ થઈ મહીસાગર હોટલની સામે વોરા ગામડી તરફના માર્ગ સુધી પીછો કર્યો હતો. આ દરમ્યાન તે કાર ચાલક જગદીશ ઉર્ફે જગાએ કાર ઉભી રાખી નાસવા જતા પોલીસે પીછો કર્યો હતો.

જોકે, વરસાદ અને અંધારાનો લાભ ઉઠાવી તે નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે કારની તલાસી લેતા કારની પાછળની સીટ ઉપરથી તથા ડેકી માંથી વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ.૧,૩૩,૨૪૮ની કિંમતની દારૂની ૧૦૪૧ બોટલ , રૂ. ૪૦,૫૯૫ની કિંમતના ૩૫૩ નંગ બિયરના ટીન, કાર તથા એક મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૭,૭૮,૮૪૩ની મત્તા જપ્ત કરી પ્રોહિબિશનનો ગુનો નોધી ફરાર જગદીશ ઠાકરડાને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

વ્યવસાયલક્ષી તાલીમ થકી સ્વરોજગારી પૂરું પડતું પ્લેટફોર્મ - ITI

## રાજ્યની કુલ ૫૫૬ ITIમાં ૨.૧૭ લાખ કરતાં વધુ બેઠકો પર વ્યવસાયિક તાલીમ સુવિધા ઉપલબ્ધ

**તાલીમાર્થીઓને માસિક રૂ. ૫૦૦ સ્ટાઈપેન્ડ, નિઃશૂલ્ક એસ.ટી બસ પાસ યોજના, રૂ. ૪ લાખ સુધીનું વીમા કવચ, પ્રાયોગિક તાલીમ માટે વિનામૂલ્યે રો-મટીરિયલ્સ જેવી સુવિધાઓ ઉપલબ્ધ**





રાજ્યમાં વિવિધ ઉદ્યોગોને કુશળ માનવબળ ઉપલબ્ધ થાય તેમજ જુદા જુદા ક્ષેત્રે વિકસતી ટેકનોલોજી અંગે યુવાઓને તાલીમ આપી સ્વરોજગારી મેળવી શકે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ રોજગારલક્ષી અભિયાનને વધુ બળ આપવા રાજ્યમાં ૨૮૮ સરકારી, ૧૦૦ ગ્રાન્ટ-ઇન-એઇડ અને ૧૬૮ સ્વનિર્ભર સંસ્થાઓ મળી કુલ ૫૫૬ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ-આઈ.ટી.આઈ. કાર્યરત છે. આ ITIમાં અંદાજે ૨.૧૭ લાખ કરતાં વધુ બેઠકો પર વિવિધ વ્યવસાયિક તાલીમ સુવિધા આપવામાં આવે છે. આ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ૭૯ રાષ્ટ્રીય કક્ષાના અને ૫૩ રાજ્ય કક્ષાના એમ કુલ ૧૩૨ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. જેમાં વર્તમાન જરૂરિયાત મુજબના IOT, ડ્રોન પાઈલોટ, સોલર ટેક્નિશિયન સહિતના એન્જિનિયરિંગ-નોન એન્જિનિયરિંગ અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને શ્રમ-રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓને અનેક સુવિધાઓ આપવામાં આવે છે. જેમ કે, અનુસૂચિત જાતિ-S.C., અનુસૂચિત જનજાતિ-S.T., દિવ્યાંગ તેમજ મહિલા ઉમેદવારોને ટ્યુશન ફીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવે છે, જયારે અન્ય ઉમેદવારોએ માસિક માત્ર રૂ. ૧૦૦ ફી ચૂકવવાની હોય છે. આ ઉપરાંત તાલીમાર્થીઓને ૮૦ ટકા સરેરાશ હાજરી તથા આવક મર્યાદાને આધિન માસિક રૂ. ૫૦૦ સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. 'વિદ્યાસાધના સહાય યોજના' હેઠળ મહિલા તાલીમાર્થીઓને વાલીની વાર્ષિક આવક મર્યાદા મુજબ સાયકલ સહાય પણ આપવામાં આવે છે.

વધુમાં, આ તાલીમાર્થીઓને નિઃશૂલ્ક એસ.ટી બસ પાસ યોજના, ગુજરાત સામુહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. ૪ લાખ સુધીનું વીમા કવચ, છાત્રાલયની સગવડ, બેંકેબલ લોન સહાય યોજના, પ્રાયોગિક તાલીમ માટે વિનામૂલ્યે રો-મટીરિયલ્સ જેવી વિવિધ સુવિધાઓ આપવામાં આવે છે. તદુપરાંત ઉનાળુ વેકેશનના સમયગાળા દરમિયાન શાળાના ધોરણ ૮ કે તેથી વધુ અભ્યાસ કરતા ૧ લાખ વિદ્યાર્થીઓને રાજયની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ઉનાળુ સ્કિલ વર્કશોપની ટ્રેનીંગ પણ આપવામાં આવે છે.

વર્તમાન સમયમાં આપણા દેશમાં વિવિધ ક્ષેત્રોમાં ઔદ્યોગિકરણનો વ્યાપ સતત વધતાં આંતરરાષ્ટ્રીય કંપનીઓ પણ ગુજરાત સહિત સમગ્ર દેશમાં અનેક ઉદ્યોગો સ્થાપી રહી છે. જેના પરિણામે વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવી વ્યવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરનાર યુવાઓ માટે રોજગારી કે સ્વરોજગારી મેળવવાની વધુ ઉજળી તકો ઉપલબ્ધ થઈ રહી છે. રાજયમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ મારફતે અપાતી વ્યવસાયલક્ષી તાલીમ દ્વારા કૌશલ્ય પ્રાપ્ત કરનાર અનેક ઉમેદવારો આજે માત્ર દેશમાં જ નહીં પણ વિદેશમાં પણ સારી એવી રોજગારી ઉપરાંત પોતાનો વ્યવસાય પણ કરી રહ્યા છે.

નોંધનીય છે કે, વિવિધ ઉદ્યોગો અને સેવાક્ષેત્રોની ઉત્પાદકતા-ગુણવત્તામાં સુધારો તેમજ વધારો થાય તે માટે કૌશલ્યવાન માનવબળ તૈયાર કરવાના હેતુસર કેન્દ્ર સરકારના ડાયરેક્ટર જનરલ ઓફ ટ્રેઈનીંગ વિભાગ દ્વારા 'કારીગર તાલીમ યોજના' અમલી કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ-NCVT અને ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ-GCVT એમ મુખ્યત્વે બે પ્રકારના પેટર્ન ધરાવતા વ્યવસાયો અમલમાં છે. જેનું સંચાલન સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ-ITI, ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો-GIA, સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા-SF, સરકારી ટેકનિકલ હાઈસ્કૂલો વગેરે દ્વારા કરવામાં આવે છે.

- જીગર બારોટ

# દેશનુ સૌથી મોટુ ડીઝીટલ એરેસ્ટ ગાંધીનગરમાંથી ઝડપાયુ : મહિલાને ૩ મહિના સુધી બંદી બનાવી રૂ.૧૯.૨૪ કરોડ ખંખેર્યા : કંબોડીયા કનેકશન ખુલ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરમાં એક ચોકાવનારો ડીઝીટલ ફ્રોડ કેસ બહાર આવ્યો છે. એક સીનીયર સીટીઝન મહિલા ડોકટરને ૩ મહિના સુધી ડીઝીટલ એરેસ્ટમાં રાખીને તેમની પાસેથી રૂપીયા ૧૯.૨૪ કરોડ પડાવી લેવામાં આવ્યા છે.



આ ભારતનો અત્યારનો સૌથી મોટો ડીઝીટલ એરેસ્ટ કેસ છે. ઠગોએ બોગસ ખોટી પોલીસ અને સરકારી અધિકારીઓ બનીને વિડીયો કોલ્સ અને બનાવટી પત્રો દ્વારા મહિલાને ધમકાવી હતી. એફઈએમએ અને પીએમએલએ કાયદા હેઠળ ગુન્હો દાખલ કરવાની ધમકી આપીને તેમની પાસેથી સોના ચાંદીના ઘરેણા, શેર અને એફડી જેવી તમામ સંપત્તિ વેચાવીને ૩૫ અલગ અલગ બેંક એકાઉન્ટસમાં પૈસા જમા કરાવ્યા હતા. આ કેસમાં એક આરોપી લાલજીભાઈ બલદાણીયાની ધરપકડ કરવામાં આવી છે. ફ્રોડનુ કનેકશન કંબોડીયાના કોલ સેન્ટર સાથે હોવાનુ પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે. આ કૌભાંડ માર્ચ ૨૦૨૫ માં શરૂ થયુ હતુ, જયારે મહિલા ડોકટરને ટેલીકોમ્યુનિકેશન વિભાગમાંથી આવેલા કોલ થી ધમકાવવામાં આવ્યા હતા કે તેમના ફોનમાંથી અપમાનજનક મેસેજ પોસ્ટ થઈ રહ્યા છે અને તેમની સામે એફઆઈઆર તથા મની લોન્ડરીંગનો ગુન્હો દાખલ થશે, તમને એફઈએમએ અને પીએમએલએ કાયદા હેઠળ ગુન્હો લગાડવાની ધમકીઓ સાથે બનાવટી પત્રો પણ મોકલવામાં આવ્યા હતા. ઠગોએ મહિલા પર સતત નજર રાખવાનુ નાટક કર્યુ હતું. સીવીલ ડ્રેસમાં પોલીસ કર્મીઓ ઘરની આસપાસ ફરતા હોવાનુ કહીને તેમને ડરાવ્યા હતા. તેમને માનસિક રીતે એટલા દબાણમાં લાવી દેવાયા કે તેઓ જયાં પણ જતા, ત્યાંથી વિડીયો કોલ કરીને પોતાની હાજરી પુરાવતા અને લોકેશન અપડેટ કરતા હતા.

આ ઠગ ટોળકીએ મહિલા પાસેથી તેમની પ્રોપર્ટી, સોના ચાંદીના ઘરેણાં, એફડી, શેર અને રોકડની તમામ વિગતો મેળવી લીધી હતી. ધીમે ધીમે તેમના મકાનમાં મુકેલુ સોનુ વેચાવી, અને શેર વેચાવીને પૈસા ઉભા કરવા વૃધ્ધાને મજબુર કર્યા હતા. આ બધામાંથી મળેલા પૈસા ૩૫ અલગ અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવી દીધા હતા. કુલ રૂપીયા ૧૯.૨૪ કરોડ જમા થયા બાદ ઠગોએ પૈસા સરકારી એકાઉન્ટમાં જમા થઈને ફ્રીઝ થઈ ગયા હોવાનુ કહીને પાછા નહી મળે તેવુ આ ઠગોએ જણાવ્યુ હતું. આ પછી ઠગોના વિડીયો કોલ્સ અને ફોન આવવાના બંધ થઈ ગયા હતા.

મહિલાને શંકા ગઈ અને તેમણે આ સમગ્ર હકીકત પરીવારજનોને કરતા આ સાયબર ફ્રોડનો ભોગ બન્યા હોવાનુ બહાર આવ્યુ હતું. ગાંધીનગર સાયબર ક્રાઈમ ડીપાર્ટમેન્ટે ૧૬ જુલાઈના રોજ ડીઝીટલ એરેસ્ટનો ગુન્હો નોંધ્યો હતો. આ કેસમાં અલગ અલગ ઓફીસર બનીને ધમકાવતા ૫ શખ્સો અને ૩૫ બેંક એકાઉન્ટ ધારકો સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે કે આ કૌભાંડનુ કનેકશન કંબોડીયાની ગેંગ અને ભારતના જ એક રાજયમાં રહેલી ગેંગ સાથે જોડાયેલુ છે. સીઆઈડી ક્રાઈમ માની રહી છે કે આટલી મોટી રકમ કોઈ એક વ્યકિત પાસેથી પડાવી લીધાનો આ દેશનો સૌથી મોટો અને પ્રથમ કેસ છે અને ૩ મહિના સુધી મહિલાને ડીઝીટલ એરેસ્ટમાં રાખવાનો પણ આ સૌથી લાંબો કેસ છે. આ કેસમાં સુરત થી લાલજીભાઈ જયંતીભાઈ બલદાણીયા નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે જેના ખાતામાં રૂપીયા ૧ કરોડ ટ્રાન્સફર થયા હતા. આ ઘટનાએ દર્શાવ્યુ છે કે ગાંધીનગરમાં ડીઝીટલ ફ્રોડ અવેરનેસ ના પ્રયાસો પુરતા અસરકારક રહ્યા નથી. ગૃહ વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા ડીઝીટલ એરેસ્ટ કેવી રીતે થાય છે તે સમજાવતા અનેક વિડીયો બનાવવામાં આવ્યા હતા. પરંતુ આ કેસમાં ઠગોએ એફઈએમએ અને ટીએમએનએ ના નામે ડરાવીને પૈસા પડાવ્યા. જે દર્શાવે છે કે નવી યુકિતઓ સામે જાગૃતિ વધારવી અનિવાર્ય છે.

કંબોડીયાની ગેંગો દ્વારા ભારતીયોને છેતરવાના અનેક કિસ્સાઓ અગાઉ પણ બહાર આવ્યા છે. પોલીસ માની રહી છે કે કંબોડીયા સહિત આસપાસના કેટલાક દેશો ભારતીયોને છેતરવા માટેના મોટા કોલ સેન્ટરોના એપી સેન્ટર બની ગયા છે. જયાં ૫ હજાર થી વધુ કોલ સેન્ટરો ધમધમી રહ્યા છે. જો કે હજુ સુધી કંબોડીયાથી કોઈ મોટી ગેંગને પકડવામાં ગુજરાત પોલીસને સફળતા મળી નથી. આ કેસ ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ માટે એક મોટો પડકાર છે. કારણ કે આ ઘટનાએ ડીઝીટલ ફ્રોડ સામેની લડાઈમાં નવી ગંભીરતા ઉમેરી છે.

# જામનગરની જી જી હોસ્પીટલમાં ભ્રષ્ટાચારનો થયો પર્દાફાશ : કામદાર કામ પર ન આવતો હોવા છતાં હાજરી નોંધીને પગાર આપવામાં આવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

સૌરાષ્ટ્રની સૌથી મોટી સરકારી જી જી હોસ્પીટલ ફરી વિવાદમાં આવી છે.




આઉટ સોર્સિંગથી કામ કરતા કામદાર કામ પર ન આવવા છતાં હાજરી નોંધીને પગાર આપવાનુ કૌભાંડ બહાર આવ્યુ છે. જી જી હોસ્પીટલમાં સેનેટરી ઈન્સ્પેકટર મકસુદ પઠાણ અને વર્ગ ૪ ના કર્મચારી રાજેન્દ્રસિંહ જાડેજા સામે સીટી બી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

આઉટ સોર્સ આધારીત કાર્યરત કર્મચારી કિશન જગદીશ ગઢવી નોકરી પર ન આવતો હોવા છતાં ખોટી હાજરી નોંધાવી હતી. આ ખોટી હાજરીના આધારે માસિક રૂપીયા ૧૨૮૩૯ મુજબ કુલ ૮૯૮૭૩ નો ખોટો પગાર બીલ માં મંજુર કરાવાયો હતો. સરકારી નાણાં આ રીતે ચોરીને આરએમઓ દ્વારા ગંભીરતાથી લઈ સીટી બી પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

૧ મે ૨૦૨૪ થી નવેમ્બર ૨૦૨૪ સુધી આ પ્રકારે હાજરી કૌભાંડ કરવામાં આવ્યુ હોવાનુ ફરીયાદમાં નોંધાયુ છે. હોસ્પીટલના આરએમઓની ફરીયાદના આધારે પોલીસે ગુન્હો નોધી વધુ તપાસ શરૂ કરી છે. સીટી બી પોલીસે બંને આરોપી કર્મચારીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. તપાસ દરમિયાન આ પ્રકારના અન્ય કૌભાંડો પણ બહાર આવી શકે છે. કારણ કે કદાચ અન્ય કર્મચારીઓ માટે પણ આવી રીતે ખોટી હાજરી દર્શાવી પગાર લેવામાં આવ્યો હોય , આ ઘટનાને ગંભીરતાથી લઈ આગળની તપાસ માટે તમામ દસ્તાવેજી પુરાવા એકઠા કરવામાં આવી રહ્યા છે. જો અન્ય કોઈ સંડોવાયેલા હોય તો તેમની સામે પણ કાયદેસર કાર્યવાહી થશે.

હોસ્પીટલ જેવી સરકારી સંસ્થામાં આવા કૃત્યો અત્યંત શરમજનક છે. જવાબદાર કર્મચારીઓ વિરૂધ્ધ સખત કાર્યવાહી કરી ભવિષ્યમાં આવી ઘટનાને અટકાવવા માટે જરૂરી કડક પગલા લેવામાં આવે તે જરૂરી છે. ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે જી જી હોસ્પીટલમાં સરકાર ના નાણાંની જે લેતી દેતી ઓ થાય છે તે આર્થિક વ્યવહારો પર જી જી હોસ્પીટલના કોઈ સરકારી અધિકારીની દેખરેખ કેમ હોતી નથી ? અહીં વારંવાર સરકારી નાણાંની ઉચાપતો શા માટે થઈ રહી છે. તેવા સવાલો હોસ્પીટલ વર્તુળોમાં ઉઠી રહ્યા છે.

# ગુજરાતમાં સીટ બેલ્ટ કે હેલ્મેટ ન પહેરવાના મામલે રોડ અકસ્માતના બનાવોમાં થયો વધારો : સરકારે ચોંકાવનારા આપ્યા આંકડા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સતત માર્ગ અકસ્માતની ઘટનાઓ વધી રહી છે. કયાંક બેફામ કાર ચાલકો હીટ એન્ડ રન કરી ફરાર થઈ જાય છે. તો કયાંક વાહન ચાલકોની બેદરકારીના કારણે માસુમ લોકોના મોત થાય છે.



ગુજરાત પોલીસ સતત વાહન ચાલકોને સુરક્ષાના માપદંડોથી અવગત કરાવે છે. છતાં રાજયમાં અકસ્માતોની હારમાળા સર્જાતી રહે છે. ત્યારે ગુજરાત સરકાર તરફથી વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન થયેલા માર્ગ અકસ્માતના આંકડા જાહેર કર્યા છે. ગુજરાતમાં સતત અકસ્માતોની વાત કરીએ તો રાજયમાં વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાનના ૫ વરસમાં ૩૬૬૨૬ વ્યકિતએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે. જેમાંથી ૧૦૮૦૧ લોકોએ હેલ્મેટ અને ૫૧૭૭ લોકોએ કાર માં સીટ બેલ્ટ નહી પહેર્યો હોવાનુ બહાર આવ્યુ છે. રાજયમાં માર્ગ અકસ્માતોના કેસ સતત વધી રહ્યા છે. એવામાં સરકાર તરફથી આપવામાં આવેલા માર્ગ અકસ્માતના આ આંકડા સૌ કોઈને ચોંકાવી રહ્યા છે. ગુજરાતમાં ૫ વરસમાં ૮૦૧૫૦ માર્ગ અકસ્માત થયા છે. અને તેમાં ૩૬૬૨૬ વ્યકિતઓના મોત થયા છે. માર્ગ અકસ્માત બાદ મૃત્યુ માટે હેલ્મેટ , સીટ બેલ્ટ ન પહેરવુ તે મુખ્ય કારણ બહાર આવ્યુ છે. હેલ્મેટ, સીટ બેલ્ટ નહી પહેરવાથી ૫ વરસમાં ૧૫૯૭૮ લોકોના મોત થયા છે. આ ઉપરાંત ઓવર સ્પીડથી પણ માર્ગ અકસ્માતના કેસ વધી રહ્યા છે.

ઓવર સ્પીડ થી ૪૬૮૫ અકસ્માત થયા છે અને તેમાં ૨૩૪૨ વ્યકિતઓએ જીવ ગુમાવ્યો છે. આ ઉપરાંત ૫ વરસમાં માર્ગ અકસ્માત થયો ત્યારે ૪૯૧૫ લોકો પાસે લાયસન્સ જ નહી હોવાનુ બહાર આવ્યુ છે. ત્યાં જ ઓવર લોડ થી ૫ વરસમાં ૨૩૪૨ લોકોના મોત થયા છે. માર્ગ અકસ્માતના આ તમામ આંકડા ૨૦૧૮ થી ૨૦૨૨ સુધીના છે. ત્યારબાદ સરકાર દ્વારા માર્ગ અકસ્માત કે એનસીઆરબીના આંકડા જાહેર કરવાની કોઈ જ તસદી લેવામાં આવી નથી.

# ગુજરાતમાં ૯ રેલ્વે સ્ટેશનો પર હવે ઈલેકટ્રીક ચાર્જીંગ પોઈન્ટ મુકાશે : જેનાથી વાહન ચાલકો ઈલેકટ્રીક ચાર્જીંગ કરી શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉર્જા બચત અને પર્યાવરણ સંરક્ષણના હેતુથી પશ્ચિમ રેલ્વે દ્વારા ગુજરાતના ૯ મહત્વપૂર્ણ રેલ્વે સ્ટેશનો પર ઈલેકટ્રીક વાહનો માટે ચાર્જીંગ સ્ટેશનો સ્થાપિત કરવામાં આવશે.



આ સ્કીમ હેઠળ રેલ્વે સ્ટેશનો ઉપર ચાર્જીંગ પોઈન્ટ ઉભા કરાશે, જેમાં મહેસાણા, વિસનગર, વડનગર, રણુજ, ઉંઝા, સિધ્ધપુર, કલોલ, ગાંધીધામ અને સામખિયાળીનો સમાવેશ થાય છે. દરેક સ્ટેશન પર વિસ્તાર મુજબ ચાર્જીંગ સ્ટેશનો તૈયાર કરાશે જેમાં કદ ૧૫ ટ ૩૦ ફુટ થી લઈને ૯૪ ટ ૭૬ ફુટ સુધી હશે. સૌથી મોટુ ચાર્જીંગ કેન્દ્ર સેન્ટર મહેસાણા રેલ્વે સ્ટેશન પર બનાવાશે. જયાં ટીઆરડી ઓફીસ નજીક ૭૧૪૪ ચો.ફુટ નુ વિસ્તૃત ચાર્જીંગ સ્ટેશન કાર્યરત થશે. અત્યાર સુધીમાં રેલ્વે વિભાગે તમામ સ્ટેશનો માટે ટેન્ડર પ્રક્રિયા પુર્ણ કરી છે. આગામી ૫ વરસ સુધી સંચાલન અને જાળવણીની જવાબદારી પસંદ થયેલ એજન્સી ને સોંપવામાં આવશે. વિશેષ સુવિધાઓમાં ચાર્જીંગ પોઈન્ટ પર પીવાનુ પાણી અને વોશરૂમ જેવી પાયાની જરૂરીયાતોનુ આયોજન કરાયુ છે. દરેક ચાર્જીંગ પોઈન્ટ પર એક સમયે ૫ થી ૧૦ અથવા વધુ ઈલેકટ્રીક વાહનો ચાર્જ કરી શકાશે. આ પહેલ પશ્ચિમ રેલ્વેના કલીન એન્ડ ગ્રીન અભિયાન તરફ એક મહત્વપૂર્ણ પગલુ છે અને ગુજરાતને ઈલેકટ્રીક ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે આગળ ધપાવશે.

# ૪૦ લાખ રૂપીયાના ખર્ચે બોગસ પાસપોર્ટ સાથે અમેરીકાથી પરત આવેલો મુસાફર ઝડપાયો : ઈમીગ્રેશન વિભાગે એરપોર્ટ પોલીસ મથકે નોંધાવી ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં બોગસ પાસપોર્ટ સાથે મુસાફર ઝડપાયો છે. બનાવટી પાસપોર્ટના આધારે અમેરીકાથી પરત આવેલો મુસાફર ઝડપાયો છે. રૂપીયા ૪૦ લાખ માં એજન્ટ મારફતે આ વ્યકિતએ બનાવટી પાસપોર્ટ બનાવ્યો હતો અને જે પાસપોર્ટના આધારે વર્ષ ૨૦૦૭ માં બેંગકોક પહોચ્યો હતો, ભારતીય દુતાવાસ પાસેથી ઈમરજન્સી સર્ટી મળ્યુ હતું.




ત્યારબાદ વરસો સુધી અમેરીકામાં રહીને અંતે પાસપોર્ટ ખોવાઈ જવા અંગે ભારતીય દુતાવાસને રજુઆત કરી હતી. તે પછી ભારતીય દુતાવાસ પાસેથી ઈમરજન્સી સર્ટીફીકેટ મેળવીને અમદાવાદ આવ્યો હતો. મેકિસકો થી અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પહોચ્યા બાદ ઈમીગ્રેશનની ટીમને આ વ્યકિત પર શંકા જતા પકડયો હતો. તેની વધુ તપાસ કરતા ઈમીગ્રેશનની ટીમને જાણવા મળ્યુ હતુ કે મુળ મહેસાણાના કનૈયા પટેલ નામનો મુસાફર બનાવટી પાસપોર્ટના આધારે અમેરીકામાં વરસો સુધી રહ્યો હતો. હાલમાં આ સમગ્ર મામલે ઈમીગ્રેશન વિભાગે એરપોર્ટ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ ૧૨ જુલાઈ અમદાવાદમાં બોગસ પાસપોર્ટ મામલે ફરીયાદ નોંધાઈ હતી. મુસાફર અને ૨ એજન્ટો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. રૂપીયા ૧૫ લાખમાં આરોપીએ ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવી જર્મનીમાં મુસાફરી કરી હતી. જર્મની પહોચ્યા બાદ આરોપીએ ઈન્ડીયન એમ્બેસી માં પાસપોર્ટ ખોવાઈ ગયાની જાહેરાત કરી હતી અને ઈમરજન્સી પાસપોર્ટ બનાવી પરત આવેલા મુસાફરની પુછપરછમાં ડુપ્લીકેટ પાસપોર્ટના આધારે મુસાફરી કરી હોવાનુ બહાર આવતા ફરીયાદ નોંધાઈ હતી. એરપોર્ટ પોલીસે મુસાફર પ્રકાશ દવે સહિત ૨ એજન્ટો વિરૂધ્ધ ફરીયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# પોલીસ વિભાગની ખાતાકીય પીએસઆઈની પરીક્ષા આપવા માટે ૧૫ હેડ કોન્સ્ટેબલને કોર્ટે આપી મંજુરી

પ્રતિનિધિ,ગાંધીનગર

પોલીસ વિભાગમાં પીએસઆઈ તરીકેની ખાતાકીય પરીક્ષા મોડ-૨ માટે લાયકાતના માપદંડમાં માત્ર ૪ દિવસ બાકી હોય આવા ૧૫ કોન્સ્ટેબલોએ પીએસઆઈ તરીકેની પરીક્ષા આપવા કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ નિખીલ કારિયલે રાજય પોલીસ વિભાગને ૧૫ હેડ કોન્સ્ટેબલોને ૪ દિવસની લાયકાત માપદંડ પુર્ણ ન કરવા છતાં વિભાગીય પીએસઆઈ પરીક્ષા માટે અરજી કરવાની મંજુરી આપવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે નોધ્યુ છે કે પરીક્ષાની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી અને વચગાળાની રાહત આપી છે. જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે આનાથી અરજદારોના પક્ષમાં કોઈ અધિકાર નથી, રાજયને ૧૨ ઓગસ્ટ ના રોજ આગામી સુનાવણીમાં પરીક્ષાના સમય પત્રક અંગે કોર્ટને અપડેટ કરવા કહેવામાં આવ્યુ છે. એડવોકેટ સલીમ સૈયદ દ્વારા રજુ કરાયેલા અરજદારોને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી હતી. ૨૦ જુન ૨૦૨૫ ના રોજ વિભાગે મોડ-૨ પીએસઆઈ પરીક્ષા માટે અરજીઓ મંગાવી હતી. જેમાં ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ૫ વરસની સેવા જરૂરી હતી, અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે ગૃહવિભાગની ૩ ઓકટોબર ૨૦૨૪ ની સુચના પરીક્ષા મહિનાના પહેલા મહિનાના અંત સુધીમાં પુર્ણ થયેલી ૫ વરસની સેવાના આધારે પાત્રતાને મંજુરી આપે છે. પરીક્ષાની તારીખ નકકી ન હોવાથી, ૪ દિવસનો તફાવત વાંધો ન હોવો જોઈએ, તેવી તેમણે દલીલ કરી હતી.



# ગુજરાત ભાજપ હવે બળાત્કારી બની ગયુ ? : નેતાઓના એક પછી એક બળાત્કારીકાંડ બહાર આવી રહેલા ચોંકાવનારા આંકડા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલી જિલ્લાના બગસરા ભાજપ પ્રમુખ પ્રદિપ ભાખર સામે સુરતની એક મોડલે ગંભીર આરોપો લગાવ્યા છે. મોડલની ફરીયાદ બાદ ગીર સોમનાથના તલાલા ખાતે બોરવાવ ના એક રીસોર્ટમાં પ્રદિપ ભાખરે તેને કેફી પીણુ પીવડાવી બેભાન કરી દુષ્કર્મ આચર્યુ હતું. યુવતિ જયારે ભાનમાં આવી ત્યારે તેના શરીર પર કોઈ કપડા ન હતા, આ ઘટના દરમિયાન ફોટા અને વિડીયો ઉતારીને યુવતિને બ્લેકમેઈલ કરવામાં આવી હોવાનો આરોપ લાગ્યો છે અને તેને ડ્રગ્સના કેસમાં ફસાવી બે મહિના જેલમાં પણ મોકલવામાં આવી હતી.




ફરીયાદમાં એવો પણ આરોપ છે કે પ્રદિપ ભાખરના ગુજરાત ભાજપના ટોચના નેતાઓ સાથે ગાઢ સંબંધો છે. તેણે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથેના ફોટા પ્રચાર માટે ઉપયોગમાં લીધા હતા. આ ઉપરાંત ભાજપના ૪૦ ટોચના નેતાઓ સાથેના ફોટો આલ્બમ નો ઉપયોગ કરી પોતાની રાજકીય છબી ઉભી કરવાનો પ્રયાસ કર્યો હોવાનુ જણાવાયુ છે.

આ ઘટના ગુજરાત ભાજપના નેતાઓ સામેના યૌન શોષણ અને દુષ્કર્મના આરોપોની શ્રેણીનો એક ભાગ બની રહી છે. શંકરસિંહ વાઘેલાએ ભાજપના નેતાઓના ૨૦ સેકસ કૌભાંડની સીડી નીતિન પટેલને આપી હોવાનો દાવો કર્યો છે. આ ઉપરાંત કચ્છ અને ડીસામાં નેતાઓના સેકસ વિડીયો બનાવવા માટે છુપા સ્ટુડીયો હોવાના આરોપો પણ ચર્ચામાં છે. જેમાં કચ્છમાં ૬૦ જેટલા નેતાઓની વિડીયો બનાવવામાં આવી હોવાનુ કહેવાય છે. ભાજપના પૂર્વ સંગઠન મહામંત્રી સંજય જોશીની કથિત સેકસ સીડી નો મુદ્દો પણ રાજયના રાજકારણમાં ચર્ચાઈ ચુકયો છે.

આરોપો મુજબ (૧) ભાજપના ૧૦૦ નેતાઓ કચ્છના ખારેકકાંડ માં સંડોવાયેલા હોવાનુ કહેવાય છે (૨) ૨૦૧૯ માં ભાજપના હું ચોકીદાર સુત્રની ટીકા કરતા કેટલાક લોકોએ ચોકીદાર ચોર મટીને સેકસી ચોકીદાર જેવા વિવાદાસ્પદ નિવેદનો કર્યા હતા જે હવે આ ઘટનાઓને કારણે ફરી ચર્ચામાં આવ્યા છે.આવી એક નહી અનેક ભાજપના નેતાઓએ કહ્યુ છે, ભાજપના નેતા ગજેન્દ્રસિંહ પરમાર પર પણ આવોજ આરોપ લગાવવામાં આવ્યો અને દુષ્કર્મના આરોપ બાદ હાલ પણ તેઓ ભાગતા ફરી રહ્યા છે પરંતુ પોલીસ તેમને પકડી શકતી નથી. (૩) ભાવનગરના ભાજપના હોદેદારે પણ આવો જ કંઈક આરોપ લગાવ્યો હતો (૪) કચ્છના ભાજપના સંસદીય સચિવ વાસણ આહિર સામે પણ ભાજપ કાર્યકર યુવતિએ આક્ષેપ કર્યા હતા તેમજ અમિત શાહે કચ્છની મહિલાની જાસુસી માટે જી એલ સીંઘલનો ઉપયોગ કર્યો હતો. આમ ભાજપના દુષ્કર્મી નેતાઓને લઈને વરીષ્ઠ પત્રકાર દિલીપ પટેલે વધુમાં ઘણુ કહ્યુ હતું. આ વિડીયોને ગરવી ગુજરાત પુષ્ટી કરતુ નથી.

# વિસાવદર તાલુકામાં દાહોદના મનરેગા કાંડને શરમાવી જાય તેવુ જબરૂ મનરેગા કૌભાંડ : ધારાસભ્યએ લાંબુ લીસ્ટ બનાવી તપાસની કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

કાગળ ઉપર કામો બતાવાય છે. ગ્રાન્ટ વાપરવામાં આવતી નથી, તપાસ થાય તો અનેકના તપેલા ચઢી જાય તેવુ વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ કહ્યુ છે.



વિસાવદર તાલુકાનુ મનરેગા કૌભાંડ દાહોદ મનરેગા કાંડ ને પણ બાજુ પર મુકી દે તેવુ વિસાવદરમાં મનરેગા કાંડ બહાર આવ્યુ છે. વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં અન્ય જગ્યાઓની સાથે મનરેગા યોજનામાં ભયંકર ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના સમાચારો વાયુવેગે પ્રસરી રહ્યા છે. જેમાં તાલુકાના અનેક ગામડાઓમાં મનરેગા યોજનામાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરી રાજકીય નેતાઓએ પોતાના ખિસ્સા થતા ઘર ભરેલ હોવાના સમાચારો પ્રાપ્ત થઈ રહ્યા છે.

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ આ અંગેનુ એક લાંબુ લીસ્ટ તૈયાર કરી જિલ્લા પંચાયતની સભામાં આ સંબંધે તપાસની માંગ કરી છે અને તેમના જણાવ્યા અનુસાર વિસાવદર શહેર સહિત તાલુકામાં મોટા પાયે મનરેગા યોજનામાં કાગળ ઉપર કામો થયેલા હોય અને વાસ્તવમાં ગ્રાન્ટનો એક પણ રૂપીયો વાપરવામાં આવેલ ન હોય તો અમુક જગ્યાએ બ્લોક નાખી અમુક જગ્યાએ માટી નાખી, તો અમુક જગ્યાએ માત્ર કાગળ ઉપર રોડ રસ્તા તથા નાળા પુલીયા બનાવવામાં આવેલ હોય તેવા કામોનુ અલગથી લીસ્ટ બનાવી તપાસની માંગ કરતા બની બેઠેલા નેતાઓના તપેલા ચઢી જાય તેવુ હોવાનુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે.

એક તરફ દિનપ્રતિદિન બેંકના કૌભાંડો ખુલી રહ્યા છે અને દુધ મંડળીના કૌભાંડો બાદ ભાજપના જ માણસો દ્વારા ખુલ્લા કરવામાં આવી રહ્યા છે ત્યારે ભાજપ માટે આવનારા દિવસોમાં ખુબ ખરાબ સમય આવશે તેવુ કહી શકાય, આ ઉપરાંત જેટલા માલધારીઓ પાસે ઢોર નથી તેના કરતા બમણું દુધ કયાંથી આવે છે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

# વડોદરાથી મુંબઈની ટ્રેન કાયમી ધોરણે ચાલુ રાખવા અખિલ મહારાષ્ટ્ર યુવક સંગઠનની રજુઆત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

અખિલ મહારાષ્ટ્ર યુવક સંગઠન વડોદરા દ્વારા સાથે વડોદરા રેલવે ડી.આર.એમને આવેદનપત્ર આપી ગણેશ ઉત્સવ માટે શરૂ કરેલી ટ્રેન કાયમી ધોરણે ચાલુ રાખવા માગણી કરવામાં આવી છે. અખિલ મહારાષ્ટ્ર યુવક મંડળના પ્રમુખ વિજય જાદવે આવેદનપત્રમાં જણાવ્યું છે કે, જીલ્લા રાયગઢ અને જીલ્લા રત્નાગિરીના લાખોની સંખ્યામાં લોકો વસવાટ કરે છે. જેમને સાપ્તાહિક એક ટ્રેન મારુંસાગર એક્સપ્રેસ છે તેમજ અન્ય દિવસે ટ્રેનના હોવાથી વાયા મુંબઈથી પ્રવાસ કરવો પડે છે. જે પ્રવાસ મોંઘો તેમજ ઘણી તકલીફો પડે છે માટે આજ રોજ ગણેશ ઉત્સવ નિમિત્તે ચાલુ કરેલ ટ્રેન કાયમી સ્વરૂપે ચાલુ કરવા માંટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.